તેજી હોય કે પછી મંદી,
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક
પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને
તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી
સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક
ધી ઇકોનોમિક રેવલ્યૂશન
ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ ઈ મેઈલમાં મોકલવામાં આવે છે

# નિર્મલ મેટ્રો

NIRMAL METRO

દૈનિક

Monday
22.04.2019
Year 07, Issue 97

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

● વર્ષ : ૭ ● અંક : ૯૭ ● તા.૨૨.૦૪.૨૦૧૯ સોમવાર ● ચૈત્ર વદ ૩ ● સં. ૨૦૭૫ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

ઈસ્ટરના દિવસે ચર્ચ અને હોટલોને ટાર્ગેટ બનાવી બ્લાસ્ટ કરાયા

# શ્રીલંકા આઠ બ્લાસ્ટથી હચમચી ઉઠ્યું : ૨૧૫થી વધુના મોત

એજન્સી દ્વારા કોલંબો, તા.૨૧

એક પછી એક આઠ પ્રચંડ બોમ્બ ધડાકાઓના કારણે આજે સમગ્ર શ્રીલંકા હચમચી ઉઠ્યું હતું. સાથે સાથે દુનિયાભરમાં પણ ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. સિરિયલ બ્લાસ્ટમાં ૨૧૫થી વધુ લોકોના મોત થયા છે. જેમાં મોટી સંખ્યામાં વિદેશી નાગરિકોના પણ મોત થયા છે. હુમલાખોરોએ ચર્ચ અને હોટલોને ટાર્ગેટ બનાવીને આ વિનાશક હુમલા કર્યા હતા. સિરિયિલ બોમ્બ બ્લાસ્ટથી સમગ્ર શ્રીલંકા હચમચી ઉઠ્યું હતું. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. હજુ સુધી મોતનો આંકડો ૨૧૫ સુધી પહોંચી ચુક્યો છે અને આંકડો હજુ ઉપર જઈ શકે છે કારણ કે ઘાયલ થયેલાઓની સંખ્યા ૪૫૦થી પણ વધુ આંકવામાં આવી છે. જે પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. શ્રીલંકાના ઈતિહાસમાં થયેલા હજુ સુધીના સૌથી વિનાશક હુમલા તરીકે આને જોવામાં આવે છે જેની જવાબદારી હજુ સુધી કોઈપણ સંગઠને સ્વીકારી નથી પરંતુ એમ માનવામાં આવે છે કે તેમાં કટ્ટરપંથી સંગઠનોનો હાથ હોઈ શકે છે. માર્યા ગયેલાઓમાં ૪૦થી વધુ વિદેશી નાગરિકો છે જેમાં

## માર્યા ગયેલા લોકોમાં મોટી સંખ્યામાં વિદેશી નાગરિકો પણ સામેલ : ઘાયલોની સંખ્યા ૪૫૦થી પણ વધુ હોવાથી મૃતાંક વધશે : સમગ્ર શ્રીલંકામાં સંચારબંધી

અમેરિકા અને અન્ય દેશોના નાગરિકો સામેલ છે. કોલંબો નેશનલ હોસ્પિટલના સૂત્રોએ કહ્યું છે કે માર્યા ગયેલા વિદેશીઓમાં અમેરિકી, બ્રિટીશ અને નેધરલેન્ડના નાગરિકો સામેલ છે. સત્તાવાર રીતે હજુ સુધી આ સંદર્ભમાં કોઈ માહિતી અપાઈ નથી. આ બ્લાસ્ટની સાથે જ શ્રીલંકામાં સંચારબંધી લાગુ કરી દેવામાં આવી છે. ૨૩મી એપ્રિલ સુધી સ્કુલ અને કોલેજો તથા સરકારી સંસ્થાઓમાં રજાની જાહેરાત કરી દેવામાં આવી છે. શ્રીલંકન પોલીસના તમામ જવાનોની રજા રદ કરી દેવામાં આવી છે. શ્રીલંકામાં આજે સવારે એક પછી એક બ્લાસ્ટનો સીલસીલો શરૂ થયો હતો. ત્રણ ચર્ચ અને કેટલીક હોટલોને ટાર્ગેટ બનાવવામાં આવી હતી. પ્રથમ બ્લાસ્ટ કોલંબોમાં સેન્ટએન્ટની ચર્ચ અને બીજો બ્લાસ્ટ પાટનગરની બહાર નેગોમ્બો વિસ્તારમાં સેબેસ્ટીયન ચર્ચમાં કરાયો હતો. ત્રીજો બ્લાસ્ટ પૂર્વીય શહેર બાટીકોલોવામાં ચર્ચામાં થયો હતો. ઉપરાંત જે હોટલોને ટાર્ગેટ બનાવીને હુમલા કરવામાં આવ્યા



હતા તેમાં સાંગરીલા, સીનામોન અને કિંગ્સબેરીનો સમાવેશ થાય છે. ઈસ્ટરની પ્રાર્થના માટે ચર્ચમાં લોકો એકત્રિત થઈ રહ્યા હતા ત્યારે પ્રથમ બ્લાસ્ટ સવારે ૮.૪૫ વાગે થયો હતો. ત્યારબાદ એક પછી એક બ્લાસ્ટની શરૂઆત થઈ હતી. ઘાયલ થયેલા તમામ લોકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કોલંબો નેશનલ હોસ્પિટલના મોટાભાગના લોકોને ખસેડવામાં આવ્યા હતા. ત્રણ ફાઈવસ્ટાર હોટલો અને એક ચર્ચમાં પણ હુમલા કરાયા હતા. બ્લાસ્ટ બાદ શ્રીલંકાના વડાપ્રધાને સુરક્ષા સમિતિની તાકીદની બેઠક યોજી હતી. શ્રીલંકાના પ્રમુખ મેથરીપાલા સીરીસેનાએ કહ્યું છે કે આ સિરિયલ બ્લાસ્ટ બાદ અમે આઘાતમાં છીએ. તમામ લોકોને શાંતિ જાળવવાની અપીલ કરવામાં આવી રહી છે. બીજી બાજુ નાણામંત્રી મંગલા સમરવીરાએ ટ્વીટ કરીને કહ્યું છે કે હુમલામાં મોટી સંખ્યામાં નિર્દોષ લોકોના મોત થયા છે. આ હુમલો પૂર્ણ તૈયારીની સાથે કરાયો છે જેથી હત્યા કરીને અરાજકતા ફેલાવી શકાય. દરમિયાન, બ્લાસ્ટના સંદર્ભમાં વ્યાપક દરોડાનો દોર શરૂ કરાયો છે. જેના ભાગરૂપે મોટી સંખ્યામાં લોકોની ધરપકડ પણ કરાઈ છે. દરોડાની કાર્યવાહી આગળ જારી રહે તેમ મનાય છે.

**જાપાનના શિકોકૂ ટાપુ પર વસેલા નાગોરો ગામની કુલ વસતી ૧૦૦ વ્યક્તિ કરતાં પણ ઓછી છે. અહીં ૬૯ વર્ષનાં એક વૃદ્ધાએ ગામવાસીઓની એકલતા દૂર કરવા આખા ગામમાં ૨૭૦ પૂતળાં લગાવી દીધા છે.**



**નાગોરો પૂતળાંના ગામ તરીકે પણ ઓળખાય છે. ગામમાંથી મોટા ભાગના લોકો રોજગારીની શોધમાં શહેરોમાં જતા રહ્યા છે. ગામમાં રહેતી સૌથી ઓછી વયની વ્યક્તિની ઉંમર ૫૫ વર્ષ છે. અહીં માત્ર ૨૭ લોકો બચ્યા છે. ગામને ઉજ્જડ થતું બચાવવા આયનો સુકિમી નામની મહિલાએ પૂતળાં લગાવવાનું નક્કી કર્યું, જેથી ગામમાં વસતી દેખાય. ત્યાર બાદ સુકિમીએ ગામની સ્કૂલ, બસ સ્ટોપ, દુકાનો અને રમતના મેદાનમાં પૂતળાં જ પૂતળાં લગાવી દીધા, જેમાં બાળકો, પુરુષો અને મહિલાઓના પૂતળાં સામેલ છે. સુકિમી જણાવે છે કે તેઓ એકલતા અનુભવે ત્યારે આ પૂતળાં સાથે રમે છે, વાતો કરે છે.**

ભારત, બ્રિટન, માલદીવ દ્વારા હુમલાની નિંદા

## ભારત સહિત દુનિયાના દેશો દ્વારા શ્રીલંકા હુમલાની નિંદા

એજન્સી દ્વારા
કોલંબો, તા. ૨૧

ભારત સહિત દુનિયાભરના દેશોએ શ્રીલંકા બોમ્બ બ્લાસ્ટની જોરદાર નિંદા કરી છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને કહ્યું છે કે શ્રીલંકામાં થયેલા ભીષણ બ્લાસ્ટની તેઓ કઠોર રીતે નિંદા કરે છે. અમારા ક્ષેત્રમાં આવી બર્બરતા માટે કોઈ જગ્યા નથી. ભારત દુઃખની સાથે આ ઘડીમાં મજબૂતી સાથે શ્રીલંકાની સાથે ઉભું છે. હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવાર પ્રત્યે તેમની સંવેદના છે. સાથે સાથે ઘાયલ થયેલા લોકો વહેલીતકે સ્વસ્થ થાય તેના માટે તેઓ પ્રાર્થના કરે છે. ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ પણ આ બ્લાસ્ટની નિંદા કરી છે. અન્ય પક્ષોના મોટા નેતાઓએ પણ નિંદા કરી છે. બ્રિટનના વડાપ્રધાન ટેરીઝામેનું કહેવું છે કે શ્રીલંકાની હોટલો અને ચર્ચ પર કરવામાં આવેલા હુમલા ખોફનાક છે. આ ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવાર પ્રત્યે તેમની સાથે માલદીવના પ્રમુખ ઈબ્રાહીમ મોહંમદે પણ અફસોસ (sic: અફાજે) શ્રીલંકામાં થયેલા બોમ્બ બ્લાસ્ટની નિંદા કરી છે. તેમણે કહ્યું છે કે આ ભયાનક હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવાર સાથે તેમની સહાનુભૂતિ રહેલી છે. દુઃખની આ ઘડીમાં તમામ લોકો શ્રીલંકા સાથે છે. આતંકવાદ સામેની લડાઈમાં તમામ લોકો એકસાથે છે. પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાને પણ ટ્વીટ કરીને હુમલાની નિંદા કરી છે. ઈમરાને કહ્યું છે કે ઈસ્ટર રવિવારના દિવસે શ્રીલંકામાં થયેલા ભયાનક આતંકવાદી હુમલાની તેઓ નિંદા કરે છે. અમેરિકા અને વિશ્વના અનેક દેશના લોકોએ પણ બોમ્બ બ્લાસ્ટને કઠોર શબ્દોમાં વખોડીને નિંદા કરી છે.



# નિર્મલ મેટ્રો

## તંત્રીની કલમે....

ગુજરાતમાં મતદાનને માત્ર હવે થોડો જ સમય બાકી રહ્યો છે. સાત તબક્કાનું મતદાન ૧૧ એપ્રિલના રોજ શરૂ થયું, જે ૧૯ મે સુધી ચાલશે અને ૨૩ મેના રોજ પરિણામ આવશે.દુનિયાની સૌથી મોટી લોકશાહી ગણાતા ભારતમાં ચૂંટણીનો માહોલ ચર્ચામાં છે.આ વખતે ભાજપના નેતૃત્વમાં રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનનો મુકાબલો વિખરાયેલા વિપક્ષ સાથે થશે.કૉંગ્રેસ પાર્ટીએ ઘણી જગ્યાએ ક્ષેત્રીય પાર્ટીઓ સાથે ગઠબંધન કર્યું છે, પરંતુ દેશવ્યાપી ગઠબંધન હજુ સુધી થઈ શક્યું નથી.હાલની સ્થિતિમાં સત્તાધારી ભાજપ કેટલો મજબૂત છે અને તેની સામે વિપક્ષની શું સ્થિતિ છે?આજના માહોલમાં ભાજપના ચૂંટણી અભિયાનનું પલડું થોડું ભારે દેખાઈ રહ્યું છે.એમાં કોઈ શંકાને સ્થાન નથી કે હાલના સમયમાં સૌથી પ્રભાવશાળી વક્તા નરેન્દ્ર મોદી છે. ભાજપનું ચૂંટણી અભિયાન આક્રમક રીતે પોતાના રસ્તે ચાલી રહ્યું છે.વડા પ્રધાન મોદીએ ચૂંટણી અભિયાનમાં સંપૂર્ણ તાકાત લગાવી છે. તેઓ પોતાનાં ભાષણોમાં દરેક વખતે નવી-નવી વાતો લઈને આવે છે.વિશ્લેષકો તેમના દાવાઓની સત્યતા પર તર્ક-વિતર્ક કરી શકે છે, પરંતુ તેનો ચોક્કસ રીતે લોકો પર પ્રભાવ પડી રહ્યો છે.ઉદાહરણ લઈએ તો થોડા દિવસો પૂર્વે ગ્રેટર નોઈડામાં વિકાસની પરિયોજનાઓના ઉદ્ઘાટન કરવા આવેલા નરેન્દ્ર મોદીએ પોતાનાં ભાષણમાં મોટાભાગે વીજળી, પાણી અને રોડ જેવા મુદ્દાઓ પર વાત કરી, પણ અંતે તેઓ રાષ્ટ્રવાદ પર આવ્યા અને પાકિસ્તાનમાં ઉગ્રવાદી કૅમ્પ ભારતીય વાયુસેનાએ કરેલા હુમલાનો ઉલ્લેખ કર્યો.આ હવાઈ હુમલાઓ પર સવાલ ઉઠાવનાર વિપક્ષ પર મોદીએ પ્રકારો કર્યા.૨૦૧૪માં મોદીની જે રણનીતિ હતી આજે પણ એ જ છે. એવા મુદ્દાઓ જે લોકોની ભાવનાઓને ભડકાવે, લોકોમાં ધ્રુવીકરણ કરે.મોદી તો આવા મુદ્દાઓ પર વધુ નહીં બોલે, પણ અન્ય બધા જ નેતાઓ જોરશોરથી એ જ મુદ્દાઓ પર વાત કરશે.જોકે, તેના જવાબમાં વિપક્ષની હાલત બહુ સારી નથી. રાહુલ ગાંધી રોજ રફાલ ગોટાળાની વાત કરે છે.કૉંગ્રેસના અન્ય નેતાઓ રોજગારીની વાત કરે છે, પરંતુ તેની ખાસ અસર થતી નથી.ઉત્તર પ્રદેશમાં જાતિગત દષ્ટિકોણથી જોઈએ તો સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી વચ્ચે મજબૂત ગઠબંધન થયું છે.બસપા અધ્યક્ષ માયાવતીએ પુલવામા હુમલો અને પાકિસ્તાનમાં થયેલા હવાઈ હુમલા પર સવાલો ચોક્કસ પૂછ્યા છે, પરંતુ જેવી જોઈએ એવી આક્રમકતા, ગતિ વિપક્ષમાં દેખાતી નથી.વિપક્ષનું ગઠબંધન હજુ પણ જામતું નથી. ભાજપનું ચૂંટણી અભિયાન કઈ દિશામાં જશે એ સ્પષ્ટ થઈ ગયું છે. શક્ય છે કે વધુ એક હવાઈ હુમલો થઈ જાય. ભાજપ રાષ્ટ્રવાદના મુદ્દા પર જ ચાલશે.પણ વિપક્ષની રણનીતિ શું હશે એ હજુ સુધી સ્પષ્ટ થઈ રહ્યું નથી.શું વિપક્ષ ફરી વાર ખેડૂતોની સમસ્યાને મુદ્દો બનાવી શકશે? નાના વેપારીઓ જે રીતે જીએસટી અને નોટબંધીથી પ્રભાવિત થયા છે એ મુદ્દો બની શકશે?સત્ય એ છે કે છેલ્લા દોઢ મહિનામાં વાસ્તવિકતા બદલાઈ નથી.ખેડૂતો અને નાના વેપારીઓ આજે પણ પરેશાન છે, જેવા છ-સાત મહિના પહેલાં હતા.સવાલ એ છે કે શું વિપક્ષ વાસ્તવિક મુદ્દાઓને પોતાના ચૂંટણી અભિયાનમાં અસરકારક રીતે ઉઠાવી શકશે અને ભાજપના રાષ્ટ્રવાદના મુદ્દાને પડકાર ફેંકી શકશે?



આઈ પી ઓ એનાલીસીસ
દિલીપ દાવડા
Email:
dilip_davda@rediffmail.com

સૌજન્ય : www.chittorgarh.com

# જી.કે.પી પ્રિન્ટીંગ એન્ડ પેકેજીંગ બીએસઈ એસએમઈ આઈપીઓ સમીક્ષા

- કંપનીનો પ્રાથમિક વ્યવસાય કોરૂગેટેડ બોક્સ ઉત્પાદન કરવાનો છે.
- આ ઉપરાંત તે ક્રાફ્ટ પેપર, ડુપ્લેક્સ પેપર વગેરેના વેપાર સાથે પણ સંકળાયેલ છે.
- ના. વ.૧૯ના પ્રથમ ૯ માસનાં પરિણામો વ્યવસાયની અનુગામી પ્રક્રિયા પર આધારિત છે.
- ના. વ. ૧૯ ના નવ માસના દેખાવના આધારે, ઈશ્યૂ ભાવ વાજબી લાગે છે.

**કંપની વિશે:**

જીકેપી પ્રિન્ટિંગ એન્ડ પેકેજિંગ લિમિટેડ (જીકેપી) એ આઈએસઓ ૯ ૦૦૧: ૨૦૧૫ સર્ટિફાઈડ કંપની છે જે કોરુગેટેડ બોક્સના ઉત્પાદનમાં રોકાયેલી છે. કંપની વિવિધ પ્રકારના રોરૂગેટેડ બૉક્સમાં કામ કરે છે જેમ કે માસ્ટર કાર્ટૂન્સ, મોનો કાર્ટુન, હની કોમ્બ પાર્ટીશન બૉક્સ, ડાઈ કટ સ્વ-લૉકિંગ બોક્સ, સ્ટોરેજ ડિન, એડજસ્ટેબલ ડેપ્થ બુક ફ્લૅપ, રીંગ ફ્લૅપ બોક્સ અને એકમ કાર્ટુન્સ. તે ક્રાફ્ટ પેપર, ડુપ્લેક્સ પેપર અને લો-ડેન્સિટી પ્લાસ્ટિક રોલ્સ (એલડી રોલ્સ) ના ટ્રેડિંગ સાથે પણ સંકળાયેલ છે. ક્રાફ્ટ કાગળ અને ડુપ્લેક્સ પેપર્સ કોરુગ્રેટેડ બોક્સ મેન્યુફેક્ચરીંગમાં મુખ્ય કાચા માલ તરીકે વપરાય છે અને તેમના વેપારથી કંપનીને બેકવર્ડ ઈન્ટીગ્રેશનના લાભો મળે છે, જેથી તે કાગળના બોક્સના અન્ય ઉત્પાદકોની તુલનામાં કાચા માલસામાનને ખૂબ જ સ્પર્ધાત્મક ભાવે ખરીદી શકે છે. કોર્પોરેશન એમએસએમઈ મંત્રાલય સાથે કોરૂગેટેડ કાગળના કન્ટેનરના ઉત્પાદક તરીકે નોંધાયેલ છે.

૧૪ એપ્રિલ, ૨૦૧૮ ના રોજ એક બિઝનેસ સક્સેસન એગ્રીમેન્ટ દ્વારા કંપનીએ સંબંધિત માલિકીની સંસ્થાની નોંધપાત્ર સંપત્તિ અને જવાબદારીઓ પ્રાપ્ત કરી.

**મૂડીનો ઈતિહાસ અને ઈસ્યુનું માળખું :**

કાર્યકારી મૂડી (રૂ. ૪.૪૧ કરોડ), અને સામાન્ય કોર્પસ ફંડ માટે (રૂ. ૧.૪૭ કરોડ) અંશતઃ નાણાં એકત્રિત કરવા આ કંપની મેઈડન આઈપીઓ દ્વારા તેનો રૂ. ૧૦ નો એક એવા આશરે ૨૦૫૬૦૦૦ ઈક્વીટી શેર, દીઠ રૂ. ૩૨ ના મુકરર ભાવથી ઓફર કરી

#Packaging is a theatre, we create your stories.

રૂ.૬.૫૮ કરોડ એકત્રિત કરવા મૂડી બજારમાં આવેલ છે. જાહેર ભરણા માટે આ ઈસ્યુ તા.૨૩.૦૪.૨૦૧૯ના રોજ ખુલશે અને તા. ૨૬.૦૪.૨૦૧૯ ના રોજ બંધ થશે. ઓછામાં ઓછી અરજી ૪૦૦૦ શેર માટે અને તેના ગુણાંકમાં કરી શકાશે. ફાળવણી પછી તેમના શેર બી એસ ઈ એસ એમ ઈ પર લીસ્ટ થશે. આ ઈસ્યુ તેની ભરપાઈ થયેલ મૂડીનો ૨૮.૦૪ ટકા હિસ્સો આપશે. રૂ. ૬.૫૮ કરોડ એકત્રિત કરવા માટે આ કંપની રૂ. ૦.૭૦ કરોડનો ખર્ચ કરી રહેલ છે.

આ ઈસ્યુના લીડ મેનેજર હોલાની કન્સલટન્ટસ પ્રા. લી છે જ્યારે લીન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લી. તેના રજીસ્ટ્રાર છે. માર્વેરિસ્ક શેર બ્રોકર્સ પ્રા. લી. આ ઈસ્યુના માર્કેટ મેકર તરીકે કાર્ય કરી રહેલ છે.

શરુઆતમાં ભાવોભાવ શેર આપ્યા પછી, આ કંપનીએ જાન્યુઆરી ૨૦૧૯ માં રૂ. ૩૨ ના ભાવે બીજા શેર રૂપાંપરિત/ઈસ્યુ કૃયા હતા. પ્રમોટર્સ દ્વારા શેરના સંપાદનની સરેરાશ કિંમત રૂ. ૧૦.૩૫ અને રૂ.૧૨.૯૩ પ્રતિ શેર છે. આ ઈસ્યુ ભરાયા પછી આ કંપનીની વર્તમાન પેઈડ અપ ઈક્વિટી કેપિટલ હાલ જે રૂ. ૫.૨૮ કરોડ છે તે વધીને રૂ. ૭.૩૩ કરોડ થશે.

**આર્થિક દેખાવ**

આર્થિક દેખાવને મોરચે છેલ્લા ત્રણ વર્ષમાં આ કંપનીએ (અનુગામી પ્રક્રિયા પહેલાં) ટર્નઓવર / ચોખ્ખો નફો અનુક્રમે રૂ. ૫.૧૩ કરોડ / રૂ. ૨.૦.૨૫ કરોડ (એફવાય ૧૬), રૂ. ૫.૭૫ કરોડ / રૂ. ૦.૨૫ કરોડ (એફવાય ૧૭) અને રૂ. ૧૪.૦૯ કરોડ / રૂ. ૦.૫૫ કરોડ (એફવાય ૧૮) દર્શાવેલ છે. ના. વ. ૨૦૧૯ ના તા. ૩૦.૧૨.૧૮ના રોજ પુરા થતા પ્રથમ નવ માસમાં તેમણે રૂ. ૧૯.૨૩ કરોડના ટર્નઓવર પર રૂ. ૨.૭૬ કરોડ ચોખ્ખો નફો કરેલ છે. કોઈ શંકા નથી કે જીકેપીએ નાણાકીય વર્ષ ૨૦૧૫ અને એફવાય ૧૮ માટેની ટોપ લાઈન અને બોટમ લાઇનમાં વૃદ્ધિ કરી છે, પરંતુ ના. વ. ૧૯ના નવ માસમા માટેની ટોચની અને નીચલી રેખામાં અચાનક બુસ્ટ મેનેજમેન્ટ દ્વારા જણાવ્યા મુજબ વ્યવસાયિક અનુગામી પ્રક્રિયાનું પરિણામ છે.

તા. ૩૧.૧૨.૧૮ ના રોજ એન એ વી રૂ. ૧૭.૪૬ ના આધારે આ ઈસ્યુનો ભાવ ૧.૮૩ ના પી/બીવી થી આવે છે, અને ઈસ્યુ પછીના એનએવી રૂ.૨૨.૬૨ના આધારે ૧.૪૧ ના પી/ બીવી થી આવે છે.

છેલ્લા ત્રણ ફિસ્કલ્સ માટે, માલિકીના વ્યવસાયને લીધે કંપની દ્વારા સરેરાશ ઈપીએસ અને આર ઓ એન ડબલ્યુ ડેટાને અવગણવામાં આવે છે, ના.વ. ૧૯ના ૯ માસ માટે તેણે શેર દીઠ આવક રૂ. ૮.૨૧ (વાર્ષિક ધોરણે નહીં) અને આર ઓ એન ડબલ્યુ ૪૨.૪૮% છે. જો આપણે તેની છેલ્લી કમાણીનું વાર્ષિકીકરણ કરીએ અને આ ઈસ્યુ પછીના તમામ ઈક્વીટીના આધારે વહેંચીએ તો માગવામાં આવેલ ભાવ ૬.૩૭ ના પી/ઈ ની આસપાસ આવે છે જે વાજબી લાગે છે. આવા પ્રભાવનું ટકાઉપણું ચિંતા ઉભી કરે છે.

**સમાન કંપનીઓ સાથે સરખામણી**

ઓફર ડોક્યુમેન્ટ્સ મુજબ, તેણે વર્થ પેરિફેરલ્સને તેના લિસ્ટેડ પીઅર તરીકે દર્શાવ્યા છે જે વર્તમાનમાં ૧૫ પી / ઈ (૧૮.૦૪.૧૯ ના રોજ) પર ટ્રેડિંગ કરે છે. જો કે, તે ચુસ્ત રીતે તુલનાત્મક નથી.

**મર્ચંટ બેંકરનો દેખાવ**

**મર્ચન્ટ બેક્કરના મોરચે,** તેમના જૂથ દ્વારા આ ત્રીજી કાગમીરી છે છેલ્લા બે લીસ્ટીંગમાં લીસ્ટીંગના દિવસે એક ઈસ્યુ ભાવોભાવ ખુલેલ અને બીજો એક ૪૯.૧૨% પ્રિમિયમથી ખુલેલ હતો.

**નિષ્કર્ષ / ઈન્વેસ્ટમેંટ સ્ટ્રેટેજી**

જો કે જીકેપીએ છેલ્લાં ત્રણ વર્ષથી નાણાંકીય કામગીરી માટે ટોપ અને બોટમ લાઈનમાં વૃદ્ધિને વેગ આપ્યો છે, તેમ છતાં ટોપ અને બોટમ લાઈનમાં અચાનક કૂદકો ચિંતા ઊભી કરે છે. તે પ્રિ-આઈપીઓ પ્લેસમેન્ટ્સના આધારે સમાન ભાવે શેર ઈશ્યૂ કરે છે. પ્રિન્ટિંગ અને પેકેજિંગ ઉદ્યોગ સારી રીતે વિકસાવવામાં આવે છે, આ બધી બાબતો વિચારતાં જેના હાથ પર રોકડ હોય તેવા જોખમ પ્રત્યે સભાન રોકાણકારો તેમના પોતાના જોખમે લાંબા ગાળા માટે રોકાણ કરવા વિચારી શકે.

# નિઓજેન કેમિકલ્સ આઈપીઓ સમીક્ષા

સૌજન્ય : www.chittorgarh.com

- એનસીએલ બ્રૉમાઈન અને લિથિયમ-આધારિત પરમાણુમાં મુખ્ય ખેલાડી છે.
- તાજેતરના કેપેક્સ અને વિસ્તરણ સાથે, તે ફાસ્ટ ફોરવર્ડ મોડમાં છે.
- ક્લાઈન્ટ સૂચિમાં ઑસ્ટિન, સીબીસી, થ્રેમેક્સ, વોલ્ટાસ, દિવીસ લેબ વગેરે શામેલ છે.
- દેવાની ચુકવણીથી નાણાકીય ખર્ચની બચત થશે.
- આગળ એનસીએલ તેજસ્વી ભાવિ માટે તૈયાર છે.

નિયોજેન કેમિકલ્સ લિ. (એનસીએલ) બ્રૉમાઈન અને લિથિયમ આધારિત, વિશિષ્ટ રસાયણોના ભારતના અગ્રણી ઉત્પાદકોમાંના એક છે. વિશિષ્ટ રસાયણો એવા રસાયણો છે જે વિવિધ ઉત્પાદનોમાં વિવિધ ગુણધર્મો પ્રદાન કરે છે (દા.ત. ઉત્પાદન પર આધારિત વિશિષ્ટ રસાયણો અલગ અલગ હોય છે તે પ્રભાવ) અને ઉચ્ચ મૂલ્ય ઉમેરણ ધરાવે છે. સ્પેશિયાલિટી કેમિકલ્સ, સામાન્ય રીતે ભારતીય સંદર્ભમાં પણ છે, જે બિન-વિશિષ્ટ રસાયણોની સરખામણીમાં નાના જથ્થામાં બનાવવામાં આવે છે. બ્રૉમાઈન અને લિથિયમ-આધારિત સંયોજનો સહિતના વિશિષ્ટ રસાયણો, ફાર્માસ્યુટિકલ ઈન્ટરમિડિયેટ્સ, એગ્રોકેમિકલ ઈન્ટરમિડિયેટ્સ, એન્જિનિયરિંગ પ્રવાહી, ઈલેક્ટ્રોનિક કેમિકલ્સ, પોલિમર્સ એડિટિવ્સ, વોટર ટ્રીટમેન્ટ રસાયણો, બાંધકામ કેમિકલ્સ અને ફ્લેવર્સ અને સુગંધ શામેલ છે.

સ્પેશિયાલિટી કેમિકલ્સનો ઉપયોગ ઉદ્યોગ-વિશિષ્ટ આવશ્યકતાઓને પહોંચી વળવા વિશિષ્ટ એપ્લિકેશન્સ માટે વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે અને એપ્લિકેશન ઉદ્યોગોના આધારે વર્ગીકરણ કરી શકાય છે. વધારામાં, કેટલાંક વિશિષ્ટ રસાયણો ઘણા ઉદ્યોગોમાં એપ્લિકેશન શોધે છે. એનસીએલ વિશિષ્ટ કાર્બનિક બ્રોમાઈન-આધારિત રાસાયણિક સંયોજનો (બ્રોમાઈન સંયોજનો) અને અન્ય વિશિષ્ટ કાર્બનિક રાસાયણિક સંયોજનો તેમજ વિશિષ્ટ ઈનઓર્ગેનિક લિથિયમ-આધારિત રસાયણો સંયોજનો (લિથિયમ કંપાઉન્ડ્સ અને બ્રોમિન સંયોજનો પ્રોડક્ટ્સ સાથે મળીને) નું ઉત્પાદન કરે છે. હાલમાં તે વિશિષ્ટ રસાયણોની વિસ્તૃત શ્રેણી બનાવે છે, જે ભારત અને વૈશ્વિક સ્તરે વિવિધ ઉદ્યોગોમાં તેનો ઉપયોગ શોધે છે. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ, તેણે કુલ ઉત્પાદનના૧૮૧ કાર્બનિક રસાયણો અને ૧૭ અકાર્બનિક કેમિકલ્સ સહિતનનું ઉત્પાદન કર્યું છે.

એનસીએલ પણ ગ્રિગ્નાર્ડ રીજેન્ટ્સ જેવા વિશિષ્ટ ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે. માનક ઉત્પાદનોના ઉત્પાદન ઉપરાંત, તે કસ્ટમ સંશ્લેષણ અને કોન્ટ્રાકટ ઉત્પાદન પણ કરે છે. કસ્ટમ સંશ્લેષણમાં, ઉત્પાદન મુખ્યત્વે ચોક્કસ ગ્રાહક માટે વિકસિત અને કસ્ટમાઈઝ કરવામાં આવે છે, પરંતુ પ્રક્રિયામાં જરૂરી તકનીકી વિશિષ્ટતાઓ વિકસાવવામાં આવે છે. તાજેતરમાં, એનસીએલએ કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ પણ શરૂ કર્યું છે જ્યાં ગ્રાહક દ્વારા પ્રદાન કરવામાં આવતી પ્રક્રિયા અને 'નો-હાઉ' તકનીકી વિશિષ્ટતાઓનો ઉપયોગ કરીને એક ગ્રાહક માટે ગુપ્તતા હેઠળ ઉત્પાદન વિકસાવવામાં આવે છે. કોન્ટ્રેક્ટ મેન્યુફેક્ચરીંગે તેની પ્રોડક્ટ ઓફરિંગની કલગીને વધારવા માટે સક્ષમ બનાવ્યું છે. કંપની પ્રોસેસ ઈનોવેશન ઓફર કરીને કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ સ્પેસમાં અલગ પડે છે, જે સામાન્ય રીતે, ગ્રાહકો માટે એકંદર ઓપરેટિંગ ખર્ચ ઘટાડે છે. એનસીએલ મહારાષ્ટ્રમાં મહાપે, નવી મુંબઈ (મહાપે ફેસિલિટી) અને કરખાડી, વડોદરા (વડોદરા ફેસિલિટી) માં આવેલ મેન્યુફેક્ચરીંગ સુવિધાઓમાંથી બહાર પડે છે.

હવે એનસીએલ ગુજરાતમાં દહેજ સેઝમાં દરખાસ્તિત ગ્રીન ફિલ્ડ મેન્યુફેક્ચરિંગ એકમની પ્રક્રિયામાં છે (પ્રસ્તાવિત દહેજ ફેસિલિટી) અને કરખાડી, વડોદરા (પ્રસ્તાવિત વડોદરા સુવિધા) માં કામગીરી વધારવાની પણ દરખાસ્ત કરી રહી છે. સંપૂર્ણ માલિકીની સ્ટાફ ધરાવતી કંપની પાસે આર એન્ડ ડી સેન્ટર છે.

એનસીએલની ક્લાયન્ટ સૂચિમાં ઑસ્ટિન, સીબીસી, સોલવે, વોલ્ટાસ, થર્મેક્સ, દિવીની લેબ, લૌરસ લૅબ્સ જેવી મોટી વૈશ્વિક કંપનીઓનો સમાવેશ થાય છે. તે સપ્લાયર્સ તેમજ ગ્રાહકો સાથે સ્થાપિત અને સ્થિર સંબંધોનો આનંદ માણે છે. કંપનીએ સેગમેન્ટમાં અગ્રણી ખેલાડી બનેલ છે જેમાં નવા આવનારાઓ માટે પ્રવેશ અવરોધો છે.

**મૂડીનો ઈતિહાસ અને ઈસ્યુનું માળખું :**

અમુક ઋણ ના બધા અથવા અંશતઃ પૂર્વ ચુકવણી / ચુકવણીના ભાગરૂપે (રૂ .૨૦.૫૦ કરોડ), ૯.૮% એફઆરસીએસએસ ની પ્રારંભિક મુક્તિ, (રૂ. ૧૧.૫૦ કરોડ) કાર્યકારી મૂડી (રૂ. ૨૦ કરોડ) અને સામાન્ય કોર્પસ ફંડની જરૂરિયાતો માટેઅંશતઃ નાણાં એકત્રિત કરવા આ કંપની મેઈડન આઈપીઓ દ્વારા તેનો રૂ. ૧૦ નો એક એવા આશરે ૬૧૫૫૮૧૩ ઈક્વીટી શેર ઓફર કરીને મૂડી બજારમાં આવેલ છે. જેમાં બુક બિલ્ડીંગ રૂટ દ્વારા નવા ઈક્વીટી ઈસ્યુ રૂ. ૭૦ કરોડના (આશરે ૩૨૫૫૮૧૩ શેર) અને વે,ણ માટેની ઓફરમાં ૨૯૦૦૦૦૦ ઈક્વટી શેર છે.,જાહેર ભરણા માટે આ ઈસ્યુ તા.૨૪.૦૪.૨૦૧૯ના રોજ ખુલશે અને તા. ૨૬.૦૪.૨૦૧૯ ના રોજ બંધ થશે. એનસીએલ દીઠ રૂ. ૨૧૨-૨૧૫ ભાવથી રૂ. ૧૩૦.૫૦ કરોડ થી રૂ. ૧૩૨.૩૫ કરોડ (નીચેના અને ઉપરના પ્રાઈઝ બેન્ડના આધારે) એકત્રિત કરવા મૂડી બજારમાં આવેલ છે. ઓછામાં ઓછી અરજી ૬૫ શેર માટે અને તેના ગુણાંકમાં કરી શકાશે. ફાળવણી પછી તેમના શેર બી એસ ઈ અને એન એસ ઈ પર લીસ્ટ થશે.

આ ઈસ્યુના સંયુક્ત લીડ મેનેજર ઈન્ગા એડવાઈઝર્સ પ્રા. લિ. અને બાટલીવાલા અને કરાની સિક્યોરિટીઝ ઈન્ડિયા પ્રા. છે જ્યારે લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિ. ઈશ્યૂના રજિસ્ટ્રાર છે. આ ઈસ્યુ ભરપાઈ થયા પછી કંપનની ભરપાઈ થયેલ મૂડીના ૨૬.૪ ટકા મૂડી આપશે.

મોટાભાગના ભાવોભાવ શેર આપ્યા પછી, આ કંપનીએ સપ્ટેમ્બર ૨૧૦૮ માં સીસીપીને રૂ. ૧૯૩.૮૬ના ભાવે કન્વર્ટ કરેલ. આ ઉપરાંત તેઓએ સપ્ટેમ્બર ૧૯૯૪માં એક શેર પર બે શેર, સપ્ટેમ્બર ૨૦૧૨માં પાંચ શેર પર ચાર શેર અને માર્ચ ૨૦૧૬માં એક શેર પર ૩૪૪૪ શેર બોનસ આપેલ હતા.

પ્રમોટર્સ દ્વારા શેરના સંપાદનની સરેરાશ કિંમત રૂ. ૧.૧૪, અને રૂ.૧.૧૮ પ્રતિ શેર છે. એક વેચાણકર્તા શેર હોલ્ડરની સંપાદનની સરેરાશ કીંમત રૂ. ૧.૬૭ છે.

આ ઈસ્યુ ભરાયા પછી આ કંપનીની વર્તમાન પેઈડ અપ ઈક્વિટી કેપિટલ હાલ જે રૂ. ૨૦.૦૮ કરોડ છે તે વધીને રૂ. ૨૩.૩૪ કરોડ થશે.

**આર્થિક દેખાવ**

આર્થિક દેખાવને મોરચે છેલ્લા ત્રણ વર્ષમાં આ કંપનીએ ટર્નઓવર / ચોખ્ખો નફો (કોન્સોલેશન આધારે) અનુક્રમે રૂ. ૧૦૯.૦૫ કરોડ રૂ .૫.૧૮ કરોડ (એફવાય ૧૬), રૂ. ૧૨૧.૭૮ કરોડ/રૂ. ૭.૬૮ કરોડ (એફવાય ૧૭) અને રૂ. ૧૬૪.૬૮ કરોડ/રૂ. ૧૦.૫૦ કરોડ (એફવાય ૧૮) દર્શાવેલ છે. ના. વ. ૨૦૧૯ ના તા. ૩૦.૧૧.૧૮ના રોજ પુરા થતા પ્રથમ નવ માસમાં તેમણે રૂ. ૧૫૯.૬૯ કરોડના ટર્નઓવર પર રૂ. ૧૨.૨૨ કરોડ ચોખ્ખો નફો કરેલ છે. તેમનો વેરો કાપ્યા પછીનો નફો ના. વ. ૧૬ માં ૪.૮% અને ના. વ. ૧૯ ના નવ માસમાં ૭.૭ ટકા વચેલ છે. આ બધા વર્ષ માટે આ કંપનીએ કુલ વેચાણ પર ૨૩ ટકા સીએજીઆરથી નફો નોંધાવેલ છે.

છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં તેમણે સરેરાશ શેરદીઠ આવક રૂ. ૪.૩૪ અને સરેરાશ આર ઓ એન ડબલ્યુ ૧૯.૭૨ ટકા દર્શાવેલ છે. તા. ૩૧.૧૨.૧૮ ના રોજ એન એ વી રૂ. ૩૦.૬૨ ના આધારે આ ઈસ્યુનો ભાવ ૭.૦૨ ના પી/બીવી થી આવે છે, જો આપણે તેમની છેલ્લી કમાણીનું વાર્ષિકી કરણ કરીએ (રચ વિકાસની રૂખ દર્શાવે છે.)અને ઈસ્યુ પછીના બધા જ શેરના આધારે વહેંચીએ તો તેમનો પી /ઈ રેશિયો ૩૧ની આસપાસ આવે છે, (તે ક્ષેત્રની સરેરાશ પી / ઈ આશરે ૩૭ ની આસપાસની સામે ૪૧ (૩૧.૦૩.૧૮ ના રોજ) છે.

તા. ૩૧.૧૨.૧૮ ના રોજ, એનસીએલ પાસે રૂ. ૬૧.૫ કરોડની વર્થ છે જેના સામે તેની પાસે ૧૧૪.૬ કરોડનું દેવું છે. કારણ કે કંપની દેવાનું એક ભાગ ઘટાડી રહી છે, તે આગળ વધતા નાણા ખર્ચને બચત કરશે.

**સમાન કંપનીઓ સાથે સરખામણી**

ઓફર ડોક્યુમેન્ટ્સ મુજબ, તેણે આરતી ઈન્ડ, અતુલ ઈન્ડ., નેવિન ફ્લુરીન, પોષ્પક લિ. અને વિનતિ ઓર્ગેનીક્સને તેના લિસ્ટેડ પીઅર્સ તરીકે દર્શાવી છે, જે હાલમાં ૩૩, ૨૫, ૨૩, ૨૩ અને ૩૬ ના પી / ઈએસ પર ટ્રેડ કરે છે. (તા.૧૮.૦૪.૧૯ ના રોજ). જો કે, તે બધા ચુસ્ત રીતે સરખાવી શકાય તેમ નથી.

**મર્ચંટ બેંકરનો દેખાવ**

**મર્ચન્ટ બેક્કરના મોરચે,** ઈન્ગા એડવાઈઝર્સ પ્રા. લી. દ્વારા આ પ્રથમ કાગમીરી છે જ્યારે બાટલીફવાલા અને કરનીએ પણ છેલ્લા ત્રણ વર્ષમાં એક પણ આઈપીઓની કામગીરી કરેલ નથી. તેથી બંને બીઆરએલએમનો હાલનો કોઈ ટ્રેક રેકર્ડ નથી.

**નિષ્કર્ષ / ઈન્વેસ્ટમેંટ સ્ટ્રેટેજી**

એનસીએલએ બ્રોમિન અને લિથિયમ ઉત્પાદન વિભાગમાં વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે. આપેલ નાણાકીય ડેટાના આધારે આ ઈસ્યુ સંપૂર્ણ કિંમતે દેખાય છે. કંપની હવે વિસ્તૃત ક્ષમતાઓ સાથે ફાસ્ટ ફોરવર્ડ મોડમાં છે, તે એક આશાસ્પદ ભવિષ્ય ધરાવે છે. આ પાસાંને ધ્યાનમાં રાખીને, રોકાણકારો લાંબા ગાળા માટે રોકાણ વિચારી શકે છે.

# ચુંટણીનાં ગરમ માહોલમાં ફેક ન્યુઝની ભરમાર

એજન્સી દ્વારા -વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા ભારતમાં હાલ લોકસભાની ચૂંટણી ચાલી રહી છે.ભારતના લોકો નિર્ણય લઈ રહ્યા છે કે આગામી પાંચ વર્ષ સુધી દેશનું શાસન કોના હાથમાં હશે.જોકે, સાત તબક્કામાં થનારા મતદાનની વચ્ચે અનેક પ્રકારના ભ્રામક અને ખોટા સમાચાર ફેલાવવાનો પણ પ્રયાસ થઈ રહ્યો છે.દેશની આ સામાન્ય ચૂંટણીમાં એક-એક મતનું મહત્ત્વ હોય છે ત્યારે ખોટી સૂચનાના આધારે મતદારોમાં ભ્રમણા ફેલાય તેની શક્યતા વધી જાય છે.એજ કારણે ઘણી ફૅક્ટ ચેક કરતી સંસ્થાઓ અને સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ પર આવા ફેક ન્યૂઝની તપાસ કરવામાં આવી રહી છે.આ ચૂંટણી અભિયાન દરમિયાન આવી જ કેટલીક ખોટી અને ભ્રામક સૂચનાઓનું જાણે પૂર આવી ગયું છે. આ માહિતીની યુગ છે. ડેટાનો યુગ છે. ઈન્ટરનેટનો યુગ છે. સોશિયલ મીડિયાનો યુગ છે. કોઇ પણ માહિતી હોય તેની ત્રીજી સેકેન્ડે એ દુનિયા ફરી શકે છે. આજે માનવની આટલી શક્તિ વધી છે. પણ શક્તિનો સારો ઉપયોગ થવો જોઇએ. ધણા લોકો છે જે પોતાની ખરાબ મંશા પૂર્ણ કરવા આ મીડિયનો ખોટો ઉપયોગ કરે છે. લોકો સોધિયલ મીડિયા પર અફવા ફેલાવવા તથ્યહિન કે ફેક ન્યુઝ વાઈરલ કરી રહ્યા છે અને દેશ તથા સમાજનું નુકશાન કરી રહ્યા છે. આવા લોકોને જવાબ માત્ર જનતા જ આપી શકે. જો ફેક ન્યુઝને ખરેખર ફેક બનાવવા હશે તો જનતાએ જાગ્રુત થવું પડશે. જાગૃત થવા આપણે ફેક ન્યુઝને સમજવા પડે.જૂઠાણું તો ઈન્ટરનેટની શોધ થઇ ત્યારથી એની સાથે જોડાયું છે પણ નવું એ કે છેલ્લાં કેટલાંક વર્ષમાં સરકારો પોતે આયોજનબદ્ધ અને વિધિવત્ ખોટી માહિતી ફેલાવવાની ઝુંબેશ ચલાવી રહી છે. ગત વર્ષની સરખામણીમાં ફેક ન્યૂઝ શબ્દના ઉપયોગમાં ૩૬૫%નો વધારો થયો છે જ્યારથી આપણે ઈન્ટરનેટની જાળમાં ફસાયા છીએ ત્યારથી નીરક્ષીર વિવેક ખોઈ બેઠાં છીએ. દૂધનું દૂધ અને પાણીનું પાણી શી રીતે કરીએ? કારણ કે દૂધમાં હવે ડિટરજન્ટની ભેળસેળ થાય છે. તમને ખબર જ ન પડે કે શું સાચું? શું ખોટું?ઘણા સમાચાર એવા આવે છે જે વાંચીને તમે ગુસ્સે થઇ જાવ. આપણા નેતાઓનાં લફરાં, પૈસાની ગોલમાલ, ન્યાત, જાત અને ધર્મની અણછાજતી ટીકા ટિપ્પણી વગેરે.. એવા સમાચાર વાંચીને આપણું લોહી ઉકળી ઊઠે. આપણે સમજ્યા વિના આપણો રોષ ફોરવર્ડ કર્યા કરીએ. ફેક ન્યૂઝનું ટાર્ગેટ આપણું દિલ છે. આપણા દિમાગ સાથે એને કોઈ લેવાદેવા નથી. આ સમાચારો આપણી લાગણીને ઝંઝોટે છે, ઝણઝણાવે છે. વિચારવા સુધી તો આપણે પહોંચતા જ નથી. ફેક ન્યૂઝ ખોટી માહિતીનું પ્રસારણ છે, લોકોને ગેરમાર્ગે દોરવા માટેનું આયોજનબદ્ધ છેતરામણ છે. એ સનસનીખેજ હેરતઅંગેઝ હોય છે, વાતનું વતેસર હોય છે અને સાગમટે કહેવાયેલા નિહાયતી જૂઠાણાનું પોટલું હોય છે. એની અસર એવી હોય છે કે તે પછી કોઈ સાચી વાત પણ લોકો માનવા તૈયાર થતા નથી. ચોતરફ ફેક ન્યૂઝની ભરમારના કારણે સાચા પત્રકારની સાચી સ્ટોરી પર પણ શંકા થઇ આવે છે. આવો જોઈએ હાલ ફેલાયેલા એવા જ કેટલાક ભ્રામક સમાચાર.એક સમાચાર છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા પર ફેલાઈ રહ્યા છે, જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ભારતના મુખ્ય વિપક્ષ કૉંગ્રેસ પાર્ટીનાં નેતા અને ઇટલીમાં જન્મેલાં સોનિયા ગાંધી બ્રિટનનાં મહારાણી કરતાં પણ પૈસાદાર છે.આ એક ખોટા સમાચાર છે. જેનું ખંડન છ વર્ષ પહેલાં થઈ ચૂક્યું હતું.ભારત જેવો દેશ જ્યાં આવકમાં અસમાનતા એક મોટો મુદ્દો છે, ત્યાં કોઈ પણ મોટી સેલેબ્રિટી કે નેતા વિશે એ કહેવું કે તેમની પાસે અઢળક ખાનગી સંપત્તિ છે, તે નેતાની છબીને ભારે નુકસાન પહોંચી શકે છે.સોનિયા ગાંધીની સંપત્તિ સાથે જોડાયેલા આવા સમાચાર વર્ષ ૨૦૧૨માં પ્રકાશિત થયા હતા.વર્ષ ૨૦૧૩માં હફિંગ્ટન પોસ્ટે સમગ્ર દુનિયાના સૌથી ધનવાન લોકોની યાદી પ્રકાશિત કરી હતી જેમાં તેમણે સોનિયા ગાંધીનું નામ પણ સામેલ કર્યું હતું. જોકે, ત્યારબાદ જ્યારે સોનિયા ગાંધીએ પોતાનું નામ આ યાદીમાં સામેલ કરવા પર સવાલ ઉઠાવ્યા તો હફિંગ્ટન પોસ્ટે તેમનું નામ હટાવી




દીધું હતું.

ગત લોકસભા ચૂંટણી એટલે કે વર્ષ ૨૦૧૪માં સોનિયા ગાંધીએ પોતાની કુલ સંપત્તિ ૯ કરોડ રૂપિયા દર્શાવી હતી. જ્યારે બ્રિટનનાં મહારાણીની સંપત્તિ તેનાં કરતાં ઘણી વધારે છે.આ મામલો ભલે પાંચ-છ વર્ષ જૂનો હોય પરંતુ આ વર્ષે યોજાઈ રહેલી લોકસભા ચૂંટણીમાં પણ તેને ઉઠાવવામાં આવી રહ્યો છે.આ મામલો સત્તાધારી પક્ષ ભાજપના એક પ્રવક્તાએ ઉઠાવ્યો છે.એટલું જ નહીં, ઘણા સમાચાર અને પોસ્ટમાં સોનિયા ગાંધીને તેમનાં રંગ-રૂપ અને ઉંમરથી વધારે સુંદર દેખાડવા પર પણ સવાલ ઉઠ્યા છે.નકલી તસવીરોને સોનિયા ગાંધીના નામે શૅર કરવામાં આવી રહી છે. જોકે, ખરેખર આ તસવીરો હોલીવૂડનાં પ્રખ્યાત અભિનેત્રીની હતી.એક સમાચાર જે છેલ્લા કેટલાંક દિવસો દરમિયાન સોશિયલ મીડિયા પર ખૂબ ફેલાયા તે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની શૈક્ષણિક યોગ્યતા સાથે જોડાયેલા છે.ગુજરાત સાથે સંબંધ ધરાવતા નરેન્દ્ર મોદી એક ચા વેચતી વ્યક્તિના દીકરા હતા. તેમણે પોતાની ચાવાળાની છબીનો છેલ્લી ઘણી ચૂંટણીઓમાં ઉલ્લેખ કર્યો છે.તેમણે પોતાની શૈક્ષમિક યોગ્યતામાં પોતાને પોસ્ટ ગ્રૅજ્યુએટ ગણાવ્યા છે.આ વચ્ચે એક વીડિયો સોશિયલ મીડિયા પર ફેલાવવામાં આવી રહ્યો છે કે જેમાં નરેન્દ્ર મોદીને એવું કહેતા સાંભળી શકો છો કે તેમણે હાઈસ્કૂલથી આગળ શિક્ષણ મેળવ્યું નથી. આ વીડિયોને કૉંગ્રેસ પાર્ટીના સમર્થકો ખૂબ શૅર કરી રહ્યા છે.ખરેખર આ વીડિયો ખૂબ જૂનો છે અને શૅર કરવામાં આવી રહેલા વીડિયોને અસલી વીડિયોનો એક નાનો અંશ દર્શાવવામાં આવી રહ્યો છે.આ જ વીડિયોમાં નરેન્દ્ર મોદી આગળ બોલે છે કે તેમણે પોતાનું ઉચ્ચશિક્ષણ ડિસ્ટન્સ એજ્યુકેશનના માધ્યમથી પૂર્ણ કર્યું છે.આ સત્યતા છતાં નરેન્દ્ર મોદીના શિક્ષણ સાથે જોડાયેલો વીડિયો ફેસબુક, ટ્વિટર અને યૂટ્યૂબ પર ઝડપથી વાઇરલ થઈ રહ્યો છે.સોશિયલ મીડિયા પર ઘણા બોગસ સર્વે અને એવા ઍવૉર્ડ્સ વિશે જણાવવામાં આવે છે કે જે ખરેખર ક્યારેય હોતા જ નથી.આવા જ ખોટા સમાચાર સંયુક્ત રાષ્ટ્રના સંગઠન યૂનેસ્કોના હવાલાથી ફેલાવવામાં આવી રહ્યા હતા કે યૂનેસ્કોએ નરેન્દ્ર મોદીને દુનિયાના સર્વશ્રેષ્ઠ વડા પ્રધાન ઘોષિત કર્યા છે.આ સમાચાર સંપૂર્ણપણે ખોટા છે કેમ કે યૂનેસ્કો ક્યારેય કોઈને ઍવૉર્ડ આપતું નથી.છતાં એ સમાચાર ચૂંટણીપ્રચાર દરમિયાન ખૂબ ફેલાવવામાં આવી રહ્યા છે.ચૂંટણી અભિયાન દરમિયાન મતદાન પ્રક્રિયા સાથે જોડાયેલી ઘણી ખોટી જાણકારીઓ પણ ફેલાવવામાં આવી રહી છે.ભારતમાં મતદાન દરમિયાન મતદાતાની આંગળી પર બ્લૂ રંગની શાહી લગાવવામાં આવે છે. જેનાથી એ જાણી શકાય કે તમે મત આપી દીધો છે.

ચૂંટણી દરમિયાન એક ખોટા સમાચાર ફેલાવવામાં આવી રહ્યા છે કે જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે એક પ્રકારની નકલી આંગળીની મદદથી લોકો ફરી મત આપવામાં સફળ થઈ રહ્યા છે.આ સમાચારમાં જણાવવામાં આવી રહ્યું છે કે પહેલી વખત મત આપતા સમયે નકલી આંગળી પર બ્લૂ શાહી લગાવવામાં આવી અને બીજી વખત મત આપવા માટે અસલી આંગળીનો ઉપયોગ કરવામાં આવ્યો.ફેક ન્યૂઝનો સામનો કરવા માટે ઘણી સમાચાર સંસ્થાઓ અને સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ અલગ-અલગ પ્રકારના પગલાં ભરી રહ્યાં છે. તેમ છતાં આ એક મોટો પડકાર છે.મેલબર્નની ડીકિન યુનિવર્સિટીમાં સોશિયલ મીડિયા અને ભારતીય રાજકારણનો અભ્યાસ કરનારાં પ્રોફેસર ઊષા રોડ્રિગ્ઝ કહે છે કે કોઈના ખાનગી મૅસેજ બૉક્સમાં કેવી સૂચનાઓ આવી રહી છે અને તે આગળ શૅર કરે છે કે નહીં તેના પર નિયંત્રણ મેળવવું ખૂબ મુશ્કેલ છે.તેઓ કહે છે, જે લોકો કોઈ ખાસ વિચારધારા કે ખબરના પ્રભાવમાં આવે છે, તેમને જો સાચા સમાચાર જણાવવામાં આવે તો પણ તેઓ માનતા નથી.તેનો જ ફાયદો ઉઠાવતા રાજકીય પક્ષોના આઈટી સેલ સતત ખોટી સૂચનાઓથી ભરપૂર સમાચાર ફેલાવતા રહે છે.એક આંતરરાષ્ટ્રીય ફૅક્ટ ચેક નેટવર્ક સાથે કામ કરતાં કંચન કૌર જણાવે છે કે ખોટી જાણકારીઓ ધરાવતા સંદેશ એ ગ્રૂપ્સમાં ફેલાવવામાં આવે છે જ્યાં પહેલાંથી જ એ મામલે પૂર્વાગ્રહ બનેલો હોય.આ પ્રકારના સંદેશ તેને વધારે મજબૂત કરી નાખે છે.

ઈન્ડિયા કનેક્ટ નામનાં પુસ્તકનાં સહ લેખિકા શાલિની નારાયણના જણાવ્યા અનુસાર સામાન્યપણે ફેક ન્યૂઝ સાથે જોડાયેલા વીડિયો વાઈરલ કરવામાં આવે છે કેમ કે લોકોને પોતાની આંખે જોયેલી વાતો પર વધારે વિશ્વાસ આવે છે.સોશિયલ મીડિયા અને અખબારોનાં સમાચારો અને ઉશ્કેરણીજનક માહિતીનો પ્રચાર-પ્રસાર દૂષણને દૂર કરવાની જવાબદારી એ દરેક વ્યક્તિની છે. વિશેષ કરીને સોશિયલ મીડિયામાં વધુ સક્રિય રહેતી આજની યુવા પેઢી આ પડકાર ઝીલે તો ઘણે અંશે સુધાર આવે. સૌ નાગરિકોને નમ્ર અપીલ કે, સાચા-ખોટા સમાચાર વચ્ચેનો ભેદ પારખો અને આ અંગે સમાજમાં જાગૃતિ લાવો. હા આ ભેદ પારખવો થોડો મુશ્કેલ જરૂર છે પરંતુ તેના કરતાં અનેકગણો વધારે જરૂરી પણ છે, કારણ કે વાત હવે દેશની એકતા અને અખંડિતતા ઉપર આવી ગઈ છે ત્યારે યુવા પેઢીની થોડીઅમથી સાવધાની અને જાગૃતિ દેશ સામેનાં સંભવિત ખતરા સામે અંક શસ્ત્ર સમાન સાબિત થઈ શકે છે.

Printed, Published and Owned by Shri Narendra G.Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA G. JOSHI. PH :-079- 27451449, (M) 9825065387
RNI NO. GUJGUJ/2012/48123

### એફએન્ડઓ પૂર્ણાહુતિ, કમાણીના આંકડાની અસર જોવા મળશે

# શેરબજારમાં પ્રવાહી સ્થિતિ રહી શકે : વિવિધ પરિબળો પર નજર

## છેલ્લા સપ્તાહમાં સેન્સેક્સ-નિફ્ટી ચાવીરૂપ ઈન્ડેક્સમાં એક ટકા સુધી ઉછાળો નોંધાયા બાદ તેજી રહી શકે છે : એફપીઆઈ પ્રવાહ જારી રહેતા નવી આશા

એજન્સી દ્વારા મુંબઈ, તા. ૨૧

શેરબજારમાં આવતીકાલથી શરૂ થતા નવા કારોબારી સેશનમાં જુદા જુદા પરિબળોની સીધી અસર બજારની દિશા નક્કી કરશે. આવતીકાલથી શરૂ થતા નવા કારોબારી સેશનમાં એફએન્ડઓ એક્સપાયરી, ચોથા ત્રિમાસિક ગાળાના કમાણીના આંકડા અને અન્ય પરિબળો દલાલ સ્ટ્રીટની દિશા નક્કી કરશે. છેલ્લા સપ્તાહમાં સેન્સેક્સ અને નિફ્ટમાં ખૂબ સારો દેખાવ રહ્યો હતો. બંને ચાવીરૂપ ઈન્ડેક્સમાં આશરે એક ટકાનો ઉછાળો રહ્યો હતો. પસંદગીના હેવી વેઈટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, ટીસીએસ અને ટાટા મોટર્સના શેરમાં ઉછાળો નોંધાયો હતો. છેલ્લા સપ્તાહમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં ક્રમશઃ ૩૯૪૮૭ અને ૧૧૮૫૬ની સપાટી જોવા મળી હતી. ચોથા ત્રિમાસિક ગાળામાં કમાણીના આંકડા, એફપીઆઈ પ્રવાહ અને વૈશ્વિક ઘટનાક્રમની અસર હવે જોવા મળી શકે છે. આગામી સપ્તાહમાં એફએન્ડઓ પૂર્ણાહુતિ થઈ રહી છે. શેરબજારમાં કેટલીક કંપનીઓના પરિણામ પણ અસર કરી શકે છે. ચોથા ત્રિમાસિક ગાળામાં કમાણીના આંકડા ઉપર તમામની નજર રહેશે. એસીસી, ઈન્ડિયા બુલ્સ, ભારતી ઈન્ફ્રાટેલ, અલ્ટ્રાટેક, એક્સિસ બેન્ક, મારૂતિ સુઝુકી, ટાટા સ્ટીલ, હીરો મોટો, યશ બેંકના કમાણીના આંકડા જારી કરવામાં આવનાર છે. જો આ આંકડા અપેક્ષા કરતા સારા રહેશે તો બજારમાં નવી ઉંચાઈ જોવા મળી શકે છે. પોઝિટીવ આઉટલુકની સ્થિતિમાં શેરબજારમાં તેજી રહેશે અને રોકાણકારોને મોટો ફાયદો થશે. જાણકાર લોકો એમ પણ માની રહ્યા છે કે ચુંટણીની અસર પણ જોવા મળી રહી છે. ચુંટણી પરિણામ ૨૩મી મેના દિવસે જાહેર કરવામાં ન આવે ત્યાં સુધી શેરબજારમાં પ્રવાહી સ્થિતિ રહી શકે છે. ચુંટણી પુરી ન થાય ત્યાં સુધી દબાણની સ્થિતિ રહેશે. મોટાભાગના લોકો માની રહ્યા છે કે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ ફરી સત્તામાં આવશે પરંતુ અંડરકરંટની સ્થિતિને લઈને પણ ચર્ચા જોવા મળી રહી છે. કોઈપણ પ્રકારના જુદા પરિણામ શેરબજારને નુકસાન કરી શકે છે. એફપીઆઈ પ્રવાહની ચર્ચા પણ જોવા મળી રહી છે. એપ્રિલ મહિનામાં હજુ સુધી એફપીઆઈ દ્વારા જંગી નાણાં ઠાલવવામાં આવ્યા છે. રૂપિયાની દિશા કેવી રહેશે તેના ઉપર પણ રોકાણકારોની નજર રહેશે. સાપ્તાહિક આધાર ઉપર છેલ્લા સપ્તાહમાં રૂપિયો ૧૮ પૈસા ઘટી ગયો હતો. સ્થિર રૂપિયો રહેવાની સ્થિતિમાં રોકાણકારોને રાહત આપશે. વૈશ્વિક સ્તેર પણ ઘટનાક્રમ જોવા મળશે. બેંક ઓફ જાપાનની બેઠક આજે મળી રહી છે. ગુરૂવારના દિવસે વ્યાજદરના સંદર્ભમાં પરિણામ જાહેર કરાશે. અમેરિકાની કંપનીઓના કમાણીના આંકડા પણ જારી કરવામાં આવનાર છે. આગામી સપ્તાહમાં માઈક્રોસોફ્ટ, ફેસબુક અને એમેઝોન ડોટકોમ દ્વારા આંકડા જારી કરવામાં આવનાર છે.

### આતંકવાદનો ખાત્મો કરવો એજ ઉદ્દેશ્ય છે : પાટણમાં મોદીની ખાતરી

# દેશને કરફ્યુમુક્ત બનાવવા માટે અથાક પરિશ્રમ જારી છે : મોદી

એજન્સી દ્વારા - પાટણ, તા.૨૧

લોકસભા ચુંટણીના ભાગરૂપે ગુજરાતમાં પ્રચાર માટે પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પાટણમાં જનસભા યોજી હતી. જેમાં મોદીએ આક્રમક અંદાજમાં સંબોધન કર્યું હતું. મોદીએ અહીં સર્જિકલ સ્ટ્રાઈક અને એરસ્ટ્રાઈકનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે દાવા સાથે કહ્યું હતું કે જ્યારે વિંગ કમાન્ડર અભિનંદનને પાકિસ્તાને કસ્ટડીમાં લઈ લીધો હતો ત્યારે તેઓએ પાકિસ્તાનને સાફ શબ્દોમાં કહ્યું હતું કે જો અમારા પાયલોટને કંઈપણ થશે તો છોડવામાં આવશે નહીં. મોદીના આ શબ્દો સાંભળતાની સાથે જ સ્થળ પર મોદી મોદીના નારા લાગ્યા હતા. મોદીએ અપીલ કરતા કહ્યું હતં કે ધરતીના આ પુત્રનું જતન કરવામાં આવે અને ગુજરાતની તમામ ૨૬ સીટો તેમને આપવામાં આવે તે ગૃહ રાજ્યના લોકોની ફરજ છે. તેમણે કહ્યું હતું કે જો ગુજરાતમાં ભાજપને ૨૬માંથી ૨૬ સીટો નહીં મળે તો ૨૩મી મેના દિવસે ટીવી પર ચર્ચા થશે કે આવું કેમ થયું. પાટણમાં આયોજિત જનસભામાં મોદીએ કહ્યું હતું કે વડાપ્રધાનની ખુરશી રહે કે ના રહે પરંતુ તેઓએ નક્કી કર્યું છે કે કા તો આતંકવાદીઓ જીવિત રહેશે કે તેઓ જીવિત રહેશે. મોદએ પાટણમાં રાષ્ટ્રવાદ કોંગ્રેસ પાર્ટ પર પણ પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે શરદ પવાર કે છે કે તેમને આ બાબતની માહિતી નથી કે મોદી શુ કરશે. જો તેમને આ બાબતની માહિતી નથી કે મોદી કાલે શું કરશે તો ઈમરાનખાનને કઈ રીતે ખબર પડશે. મોદીએ જનસભામાં કુંભમેળાનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કુંભની સફાઈને લઈને વાત કરી હતી. કુંભની સફાઈની ચર્ચા અમેરિકામાં પણ જોવા મળી હતી. ત્યારબાદ તેઓ પહોંચ્યા હતા અને સફાઈકર્મીઓના ચરણસ્પર્શ કર્યા હતા. મોદીએ અહીં પોતાના સંબોધનમાં કહ્યું હતું કે સિદ્ધરાજ જયસિંહની આ ધરતી પર પગ મુકતા જ ગુજરાતની અસ્મિતાનો સુવર્ણ પૃષ્ઠ નજર સમક્ષ ખુલવા માંડે છે. ૬૦૦ વર્ષ સુધી રાજધાની તરીકે ગુજરાતનું માર્ગદર્શન આ ધરતીએ કર્યું છે. દેશ અને વિદેશમાં પોતાની આગવી ઓળખ આ ધરતીએ ઉભી કરી છે. જુના

## અભિનંદનને પાકિસ્તાને પકડી લીધો ત્યારે સાફ શબ્દોમાં પાકિસ્તાનને ચેતવણી આપી દેવાઈ હતી : મોદીના આક્રમક નિવેદન વેળા મોદીના નારાઓ ગુંજ્યા

જમાનામાં લખાયેલા પાટણના લેખોમાં ૮૪ ચોક અને ૫૨ બજાર, સોનાની ચાંદીની ટંકશાળ જેવા શબ્દોથી પાટણને કંડારવામાં આવ્યું છે. વીર માયાનું બલિદાન કોઈ ભુલી શકે તેમ નથી. આ ધરતી પર વિજયકુમાર ત્રિવેદી જેવા દિગ્ગજોએ જન્મ લીધો છે. રાણી કી વાવ આજે વર્લ્ડ હેરીટેજમાં સામેલ છે. ભારતની નોટ ઉપર એક તરફ મહાત્મા ગાંધી છે. તો બીજી રાણી કી વાવ છે. અહીંના લોકોએ તેમને દિલ્હી મોકલ્યા છે. જેથી આ બાબત શક્ય બની છે. ગુજરાતનો કોઈ ખુણો એવો નહીં હોય કે જ્યા મારા મન મંદિરમાં અસર છાપ કે સ્થાન સાથે જોડાયેલી પ્રેરક ઘટનાઓ ન હોય. મોદીએ એમ પણ કહ્યું હતું કે તેમના માટે આ ચુંટણી સભા નહીં પરંતુ જેમણે મારૂ ઘડતર કર્યું તેઓના દર્શન કરવાનો અવસર છે. ૪૦ વર્ષમાં દેશની દુર્દશા માટે જવાબદાર કોણ છે. આતંકવાદને કોણે પાળ્યો છે. દેશમાં બર્બાદીના મંજર ઉભા થયા તેના મૂળમાં ફક્ત કોંગ્રેસ જ છે. પ્રથમ અને દ્વિતિય ચરણના મતદાન પછી કોંગ્રેસીઓ ઢીલાઢશ થઈ ગયા છે. તેમના મોઢા લટકી ગયા છે. કોંગ્રેસના નેતાઓને બોલવાના હોશ રહ્યા નથી. ભવિષ્યમાં દેશના જવાનો માટે વિદેશથી રાયફલો ખરીદવાની રહેશે નહીં. ભારતની રાયફલોનો વેચાણ સમગ્ર વિશ્વમાં થશે. આતંકવાદનો ખત્મો કરવો એજ અમારો ઉદ્દેશ્ય છે. ભુતકાળમાં કોંગ્રેસના વડાપ્રધાન મનમોહનસિંહ છાશવારે વિદેશ જતા હતા પરંતુ ન તો ભારતમાં તેમની ગેરહાજરી નોંધાતી હતી ન વિદેશમાં તેમની હાજરી નોંધાતી હતી. જ્યારે આજે આપનો પ્રધાન સેવક દેશની વાત કરવા માટે વિદેશ જાય છે ત્યારે ભારતીયોમાં તેમની ગેરહાજરી વર્તાય છે. વિદેશમાં તેમની હાજરીની પણ નોંધ લેવાય છે. દુનિયામાં અમેરિકા, ચીન, રશિયા જેવા દેશોના રાષ્ટ્રપતિ મળે ત્યારે ગુજરાતીઓ મળે ત્યારે તેમની મજા જ કઈક ઓર છે. મોદીએ પોતાના સંબોધનમાં રાષ્ટ્રવાદનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. ૨૩મી એપ્રિલે ચુંટણી છે અને ૨૩મી મેએ પરિણામ જાહેર થનાર છે. પરિણામ શું આવશે તે દેશની જનતા નક્કી કરી ચુકી છે. ફિર એકબાર મોદી સરકાર બનવાનું નિશ્ચિત છે પરંતુ ગુજરાતમાંથ તમામ ૨૬ સીટ મળે તે જરૂરી છે. ભૂતકાળમાં ગુજરાતમાં વારંવાર તોફાનો થતા હતા પરંતું હવે લોકો આવા શબ્દો પણ ભુલી ગયા છે. કર્ફ્યુ શું કહેવાય તે આજના ૧૫થી ૨૦ વર્ષના છોકરાઓને ખબર પણ નથી.

ગુજરાત કરફ્યું મુક્ત બની ચુક્યું છે. સમગ્ર દેશ પણ કરફ્યુંમુક્ત બને તેવા પ્રયાસ થઈ રહ્યા છે. એરસ્ટ્રાઈકને લઈને પુરાવા માંગનાર લોકો હવે પુરવા માંગવાનું બંધ કરી ચુક્યા છે. દેશ ગમે તેટલો વિકાસ અને પ્રગતિ કરે પરંતુ દેશમાં આતંકવાદી ઘટનાઓ અને હુલ્લડો થતા હોય તો દેશ આગળ વધી શકે નહીં. કોઈપણ દેશના વિકાસ માટે દેશની સુરક્ષા સૌથી મહત્વપૂર્ણ છે.

### ઓછા પગારમાં પણ ભરતી કરી શકે : અહેવાલ

# જેટના કર્મીઓને ભરતી કરવા અન્ય એરલાઈન્સ તૈયાર થઈ

## કુશળ કર્મચારીઓની માંગ હજુ પણ અકબંધ : અહેવાલ

એજન્સી દ્વારા મુંબઈ, તા. ૨૧

દેવાના કારણે બંધ કરવામાં આવેલી જેટ એરવેઝના કર્મચારીઓના ભાવિ ચોક્કસપણે અદ્ધરતાલ બનેલા છે. ૨૨ હજારથી વધુ કર્મચારીઓ મુશ્કેલીમાં દેખાઈ રહ્યા છે પરંતુ અન્ય એરલાઈન્સો કુશળ અને અનુભવી લોકોને તેમની ટીમમાં સામેલ કરવા તૈયારી કરી છે. જોકે જેટ એરવેઝમાં તેમને મળી રહેલા પગાર કરતા ઓછા પગારમાં તેમને સામેલ કરવામાં આવી શકે છે. ભારતીય ઉડ્ડયન સેકટરમાં ટેલેન્ટની હજુ પણ જરૂર દેખાઈ રહી છે. ભારતીય ઉડ્ડયન સેકટર વિશ્વમાં સૌથી ઝડપથી આગેકૂચ કરનાર સેકટર છે. જેટ એરવેઝની સેવા ૨૬ વર્ષ સુધી જારી રહી હતી. કોન્ટ્રાક્ટ ઉપર રહેલા કર્મચારીઓ પૈકી તેમાં કુલ કર્મચારીઓની સંખ્યા ૨૩ હજાર જેટલી હતી. ૧૭મી એપ્રિલના દિવસે જેટ એરેઝની સેવા કામચલાઉ ધોરણે બંધ કરવામાં આવી હતી. જાણકાર લોકોનું કહેવું છે કે જેટના કર્મચારીઓને લેવા માટે અન્ય એરલાઈન્સ ઈચ્છુક દેખાઈ રહી છે. ટાયર-૨ અને ટાયર-૩ શહેરોમાં તેમને વહેલીતકે સામેલ કરવામાં આવી શકે છે. ખાસ કરીને ઈન્ડિયન એરલાઈન્સ અને સ્પાઈસ જેટની નજર જેટના કર્મચારીઓ ખાસ કરીને પાયલોટ અને કેબિન ક્રુ પર કેન્દ્રિત છે.

### જયપુરથી રાત્રે આઠ વાગ્યાથી જીવંત પ્રસારણ થશે

# રાજસ્થાન-દિલ્હી વચ્ચે આજે જયપુરમાં રોચક જંગ ખેલાશે

## સ્મીથના નેતૃત્વમાં રાજસ્થાન દેખાવને સુધારવા સુસજ્જ

એજન્સી દ્વારા જયપુર,તા. ૨૧

ઈન્ડિયન પ્રિમિયર લીગમાં આવતીકાલે સોમવારના દિવસે રાજસ્થાન રોયલ્સ અને દિલ્હી કેપિટલ વચ્ચે જંગ ખેલાશે. દિલ્હ કેપિટલની ટીમ ૧૦ મેચોમાં છ મેચો જીતીને ૧૨ પોઈન્ટ ધરાવે છે. દિલ્હીની ટીમ હોટ ફેવરિટ તરીકે મેદાનમાં ઉતરશે. બીજી બાજુ રાજસ્થાન રોયલ્સની હાલત કફોડી બનેલી છે અને તે હવે ફેંકાઈ જવાની અણીએ પહોંચી છે. રાજસ્થાન રોયલ્સના કેપ્ટન તરીકેની જવાબદારી સ્મીથને સોંપવામાં આવ્યા બાદ ટીમના દેખાવમાં હવે સુધારો થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આ મેચનું પ્રસારણ આવતીકાલે આઠ વાગ્યાથી કરવામાં આવશે. બંને ટીમો જોરદાર દેખાવ કરવા માટે ઉત્સુક છે. મેદાન પર છગ્ગા ચોગ્ગાની રમઝટ જોવા મળી શકે છે. ઉભરતા સ્ટાર ખેલાડીઓને આઈપીએલના મંચ પર જોરદાર દેખાવ કરીને રાષ્ટ્રીય સ્તર પર ચમકવાની સુવર્ણ તક છે. આઈપીએલની શરૂ થયા બાદ છગ્ગા ચોગ્ગાની રમઝટ જોવા મળી રહી છે. તમામ ટીમોના સ્ટાર ખેલાડીઓ તેમાં ભાગ લઈ રહ્યા છે. કુલ ૬૦ ટ્વેન્ટી- ૨૦ મેચો સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન રમાશે.આ ઉપરાંત પ્રતિબંધ બાદ ક્રિકેટમાં પરત ફરેલા ડેવિડ વોર્નરે પણ આવતાની સાથે જ જોરદાર બેટિંગ કરીને પોતાની કુશળતા દર્શાવી ચુક્યો છે. ઉભરતા સ્ટાર ખેલાડીઓને આઈપીએલના મંચ પર જોરદાર દેખાવ કરીને રાષ્ટ્રીય સ્તર પર ચમકવાની તક રહેલી છે આઈપીએલમાં હજુ સુધી કેટલાક ખેલાડી તમામનુ ધ્યાન ખેંચી રહ્યા છે. જેમાં ડેવિડ વોર્નર, બેરશો અને ક્રિસ ગેઈલનો સમાવેશ થાય છે. રસેલ પણ જોરદાર દેખાવ કરી રહ્યો છે. વિરાટ કોહલી પણ ફોર્મમાં આવી ચુક્યો છે. જેથી આઈપીએલની મેચો હવે વધુ રોચક બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. દિલ્હી કેપિટલની ટીમ મુંબઈથી આગળ નિકળવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. એકબાજુ ચેન્નાઈ સુપરને આગામી રાઉન્ડમાં પોહંચવા એક મેચની જીતની જરૂર છે. જયારે દિલ્હી અને મુંબઈને પણ હવે બે મેચો જીતવાન જરૂર રહેલી છે. જયપુરમાં કોઈ બનવા ન બને તે માટે તૈયારી કરાઈ છે.

દિલ્હી કેપિટલ્સ : અવેશ ખાન, અયપ્પરા, બેઈન્સ, બોલ્ટ, ધવન, ઈન્ગ્રામ, અય્યર (કેપ્ટન), લમિછાને, મનજોત કાલરા, મિશ્રા, મોરિસ, મુનરો, પંત, અક્ષર પટેલ, હર્ષલ પટેલ, પૌલ, રબાડા, રુધરફોર્ડ, સક્સેના, ઈશાંત, શો, નાથુસિંઘ, ટેવટિયા, વિહાર, જયંત યાદવ.

રાજસ્થાન રોયલ્સ : રહાણે (કેપ્ટન), વરુણ આરોન, આર્ચર, બિન્ની, આર્યમાન, બટલર, પ્રશાંત ચોપરા, શ્રેયાસ ગોપાલ, કૃષ્ણાપ્પા ગૌત્તમ, ધવન કુલકર્ણી, લિયામ, મહિપાલ, સુદેશન મિથુન, રિયાન પરાગ, શુભમ રંજને, સંજુ સેમસંગ, શશાંકસિંઘ, સ્ટિવ સ્મિથ, શોઢી, બેન સ્ટોક, થોમસ, ત્રિપાઠી, ટર્નર, ઉનડકટ, મનન વોરા.

# રોમાંચની સાથે સાથે....

જયપુર, તા. ૨૧

- ♦ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૧૨માં આવતીકાલે રાજસ્થાન અને દિલ્હી વચ્ચે જયપુરમાં જંગ ખેલાશે
- ♦ ઘરઆંગણે રાજસ્થાનની ટીમ દેખાવ સુધારવા પ્રયાસ કરશે
- ♦ દિલ્હી કેપિટલની ટીમ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચવા માટે પ્રયાસ કરશે
- ♦ દિલ્હીની ટીમે હજુ સુધી ૧૦ મેચ પૈકી છમાં જીત મેળવી છે
- ♦ મેચનું આવતીકાલે રાત્રે આઠ વાગ્યાથી જીવંત પ્રસારણ કરવામાં આવનાર છે
- ♦ મેચને લઈને જયપુરમાં જોરદાર રોમાંચ
- ♦ રહાણેની જગ્યાએ સ્મીથને કેપ્ટન બનાવતા નવી ઉત્સુકતા


# જી.કે.પી પ્રિન્ટીંગ એન્ડ પેકેજીંગ આઈ પી ઓ

**આઇએસઓ ૯ ૦૦૧: ૨૦૧૫ સર્ટિફાઇડ કંપની કે જે ગારકેન્ટસ, સ્ટીલ વાસણો, પ્લેઈંગ કાર્ડસ, દારૂ, રમકડાં, ફાર્મા, પ્રિન્ટર્સ, એન્જીનિયરીંગ, મીઠાઈ અને એફએમસીજી જેવા વિવિધ ઉદ્યોગોને પોતાનાં ઉત્પાદનો પુરાં પાડે છે.**

**ઈસ્યુ ખુલશેઃ** ૨૩ એપ્રિલ ૨૦૧૯
**ઈસ્યુ બંધ થશે :** ૨૬ એપ્રિલ, ૨૦૧૯

*# Packaging is a theatre,we create your stories*

*જી.કે.પી. પ્રિંટિંગ અને પેકેજીંગ લિ. વિશ્વભરના આ સેકટરના શ્રેષ્ઠ કોરૂબ્રેટેડ બોક્સ બનાવવાની સુવિધા માટે ગૌરવ લે છે. જી.કે.પી. પ્રિંટિંગ અને પેકેજીંગ લિ. ની સ્થાપના વર્ષ ૧૯૯૪ માં પેકેજિંગની*

## ડાયરેક્ટરોનું મિશન અને દ્રષ્ટિકોણ

કોરૂગેશન ઉદ્યોગમાં ગુણવત્તા, હાઈ સ્ટાન્ડર્ડ અને વિશ્વસનીય ઉત્પાદન કંપનીની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાનો હેતુ છે.

●

તેમની દ્રષ્ટિ ગુણવત્તાવાળા ઉત્પાદનોને પોષણક્ષમ કિંમતે પહોંચાડીને તે દ્વારા ૧૦૦% ગ્રાહક સંતોષ પ્રાપ્ત કરવાનો છે

## કંપનીની હાઈલાઈટસ અને રોકાણનું વાજબીપણું

- ● મજબૂત નાણાકીય કામગીરીઃ કંપનીની આવક ૭૦.૭૩% સીએજીઆર પર વૃદ્ધિ કરી રહી છે અને વેરો કાપ્યા પછીનો નફો ૨૦૧૬ થી વાર્ષિક ધોરણે ૧૪૪,૬૨% વધી રહેલ છે.વાર્ષિક ધોરણે નાણાકીય વર્ષ ૧૯ આંકડા લેવામાં આવે છે.
- ● સ્થાપિત ઉત્પાદન સુવિધાઃ આ કંપનીની ઉત્પાદન સુવિધા વસાઈ, થાણેમાં આવેલછ છે અને તેઓએ વાપી, ગુજરાતમાં નવી ઉત્પાદન એકમની પણ સ્થાપના કરી છે જે ૨૭ ડિસેમ્બર, ૨૦૧૮ પછીથી કાર્યરત થયેલ છે. ઉત્પાદન મકાનો અને ગોદામો સહિતના તેમનાં મકાનો ૨૭,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલા છે.
- ● કોસ્ટ નેતૃત્વ અને સમય બંધ એકઝીક્યુશનઃ અમારી કંપની સતત ઉત્પાદનમાં ખર્ચની કાર્યક્ષમતાને નિર્ધારિત કરવા માટે ઉત્પાદન માટે આવશ્યક ઈનપુટ્સ માટે કાર્યક્ષમ સંપાદન નીતિ અમલમાં મૂકવાનો પ્રયાસ કરે છે જેના પરિણામ રૂપે ખર્ચ અસરકારક ઉત્પાદન કરે છે.
- ● સંચાલન અને શ્રમિકો વચ્ચેના સારા સંબંધોઃ વર્ષોથી અમારા મેનેજમેન્ટે તેમના કર્મચારીઓ સાથે સુમેળભર્યા સંબંધોને સફળતાપૂર્વક જાળવી રાખેલ છે.
- ● અનુભવ મેનેજમેન્ટ અને ઑપરેશન ટીમઃ અમારી કંપનીના મેનેજમેન્ટ અને ઑપરેશન ટીમ પાસે કોગ્રેગ્ટેડ બોક્સ મેન્યુફેકચરિંગ ઉદ્યોગમાં એક દાયકાથી વધુનો સંચિત અનુભવ છે.તેમના તકનીકી રીતે પૂર્ણ અને વૈવિધ્યસભર કર્મચારીઓ કંપનીના ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા માટે ઉત્સાહપૂર્વક કામ કરે છે.
- ● નવા ભૌગોલિક સ્થાનો અને ગ્રાહકોની શોધઃ ઉત્પાદનો અને સેવાઓની અમારી શ્રેણીની વધતી માંગને પહોંચી વળવા માટે તેમની પાસે પૂરતી સંસાધન ક્ષમતાઓ છે. વિસ્તરણની સંભવિતતા સાથે, અમે નવા ભૌગોલિક સ્થાનોનું સંશોધન કરીને અને નવા ક્લાયંટ્સ સાથે સંપર્ક કરીને વિકાસની તકોને તેમની મૂડી બનાવવાનું લક્ષ્ય રાખે છે.
- ● પર્યાવરણીય ચિંતાઃ તેઓ દૃઢપણે માને છે કે તેઓ જે સોસાયટીઅને સમાજમાં રહે છે તે માટે પર્યાવરણની જાળવણી તેમની ફરજ છે, તેથી જ તેમના બધા કોરૂગેટેડ બૉક્સ રિસાયકલ કાફ્ટ પેપરથી બનેલા હોય છે, તેથી તેઓ સફળ અને ટકાઉ વિકાસ મોડેલમાં કાર્યરત છે.
- ● સુપિરિયર ગુણવત્તા ઉત્પાદનોઃ તેઓ ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનો પ્રદાન કરીને તેમના ગ્રાહકો સાથે સંબંધો બનાવવા અને જાળવવાનું પસંદ કરે છે, કારણ કે તેઓ તેમના ગ્રાહકોને અને તેમના ખરીદદારોને પ્રદાન કરેલા ઉત્પાદનોનું મૂલ્ય સમજે છે.

*દુનિયામાં અગ્રણી ઉત્પાદકોમાંની એક બનવાની દ્રષ્ટિએ કરવામાં આવી હતી. જીકેપી પ્રિન્ટિંગ અને પેકેજીંગ લિ.કર્મચારીઓની એક સમર્પિત ટીમ દ્વારા ઉત્પાદનનો સમયસર પુરવઠો તેમ જ ગુણવત્તાની ખાતરી કરે છે જે તેમના ગ્રાહકની અપેક્ષા કરતા વધારે હોય છે. આ પ્રતિબદ્ધતા એ હકીકત દ્વારા સાબિત થઈ છે કે તેમના ઘણા રાષ્ટ્રીય ગ્રાહકો છેલ્લા ૧૦ વર્ષથી સતત તેમની પાસેથી કોરૂગેટેડ બોક્સની તેમની જરૂરિયાત સંપોષે છે.*

*જી.કે.પી. પ્રિંટિંગ અને પેકેજિંગ લિ. ખાતે, તેઓ તેમના મૂલ્યવાન ગ્રાહકો સાથેના સનાતન સંબંધો બાંધવામાં માને છે. આ ફક્ત ગ્રાહકની આવશ્યકતાઓ અને અપેક્ષાઓની સમજણ અને તે પરિપૂર્ણ કરવાથી જ શક્ય બને છે. તેઓ ગ્રાહકોના સંપૂર્ણ સંતોષ માટે કોઈપણ ઉપયોગ માટે કોરૂગેટેડ બોક્સ બનાવવા માટે સક્ષમ છે.*

*જી.કે.પી. પ્રિન્ટિંગ અને પેકેજીંગ લિ. વિવિધ ઉદ્યોગો જેમ કે ગારમેન્ટ નિકાસ, સ્ટીલ વાસણો, પ્લેઈંગ કાર્ડ, દારૂ, રમકડાં, ફાર્મા, પ્રિન્ટર્સ, એન્જીનિયરીંગ, મીઠાઈ અને એફએમસીજી માટે કોરૂગેટેડ બોક્સ બનાવે છે.*

*જી.કે. પી. પ્રિન્ટિંગ અને પેકેજીંગ લિમિટેડએ ૩૦૦ મેટ્રિક ટનની માસિક ક્ષમતા સ્થાપિત કરી છે, અને હાલમાં ૨૦૦ મુટ્રીક ટનની આસપાસ પરિવર્તિત કરી રહ્યા છે. તેમની કંપનીની ફેકટરી વસાઈમાં સ્થિત છે, તેમાં ૨૦,૦૦૦ સ્કવેર ફીટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે અને તેઓ મુંબઈ અને થાણેમાં સૌથી મોટા પંચિંગ મશીન સહિત ૨ રાજ્યોમાં સંપૂર્ણ કાર્યરત છે.*

## ઈસ્યુના હેતુ

- ● કાર્યકારી મૂડીની જરૂરિયાત (રૂ. ૪૪૧.૦૦ લાખ),
- ● જનરલ કોર્પસ ફંડની જરૂરિયાત(રૂ .૧૪૬.૯૨ લાખ)
- ●ઈસ્યુને લગતો ખર્ચ (રૂ. ૭૦.૦૦ લાખેડ)

| આર્થીક વિગતો | અંતિત વર્ષ/સમયગાળા માટે | | રૂપિયા લાખમાં | |
|---|---|---|---|---|
| વિગત | ૨૦૧૯ના ૯ માસના | ના. વ. ૨૦૧૮ | ના. વ.૨૦૧૭ | ના. વ. ૨૦૧૬ |
| કુલ મિલકતો | ૧,૫૦૧.૦૮ | ૧,૦૨૧.૬૯ | ૬૩૫.૨૨ | ૩૪૬.૧૩ |
| કુલ આવક | ૧૯૦૮.૭૪ | ૧૪૦૭.૭૦ | ૫૬૯.૦૨ | ૫૧૧.૫૧ |
| પ્રોફીટ આફ્ટર ટેક્ષ | ૨૭૫.૬૧ | ૫૪.૭૧ | ૨૪.૯૫ | ૨૫.૧૨ |
| નેટ વર્થ | ૬૪૮.૭૭ | ૫૪૦.૨૨ | ૩૫૩.૮૩ | ૧૩૯.૪૯ |

## Busness Affiliation

## ઈસ્યુની વિગત

| | | |
|---|---|---|
| ઈસ્યુનો પ્રકાર | : | ફીક્સ પ્રાઈસ ઈસ્યુ આઈપીઓ |
| ઈશ્યુ સાઈઝ | : | ૨૦,૫૬,૦૦૦ ઈક્વિટી શેર |
| ઈશ્યુ સાઈઝ રકમમાં | : | રૂ. ૬.૫૮ કરોડ |
| ફેસવેલ્યુ | : | શેરદીઠ રૂ.૧૦ |
| ઈશ્યુ પ્રાઈસ | : | શેર દીઠ રૂ. ૩૨ |
| માર્કેટ લોટ | : | ૪૦૦૦ શેર |
| ઓછામાં ઓછો ઓર્ડર | | ૪૦૦૦ શેર |
| લિસ્ટિંગ | : | બીએસઈ એસએમઈ |

## ઈસ્યુનું માળખું

| | |
|---|---|
| માર્કેટ મેકર હિસ્સો | ૧,૦૪,૦૦૦ ઈક્વીટી શેર સુધી |
| નોન રિટેઈલ હિસ્સો | ૯,૭૬,૦૦૦ ઈક્વીટી શેર સુધી |
| રિટેઈલ હિસ્સો | ૯,૭૬,૦૦૦ ઈક્વીટી શેર સુધી |

## ઈસ્યુના લીડ મેનેજર

હોલાની કન્સલટન્ટસ લી.

## ઈસ્યુના રજીસ્ટ્રાર

લીન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લી.

## મેળવેલ પ્રમાણપત્રો

- ● જી.કે. પી. પ્રિન્ટિંગ એન્ડ પેકેજિંગ લિમિટેડ એ ISO ૯૦૦૧: ૨૦૧૫ સર્ટિફાઈડ કંપની છે જે કોરૂગેટેડ બોક્સના ઉત્પાદનમાં રોકાયેલી છે.
- ● કંપની માઈક્રો એન્ટરપ્રાઈઝ તરીકે કોરૂગેટેડ પેપર કન્ટેનરના ઉત્પાદક તરીકે એમએસએમઈ મંત્રાલય સાથે નોંધાયેલ છે.

## કંપનીની મજબૂતાઈ

- ● ગ્રાહકો સાથે ખૂબ સારા સંબંધો.
- ● ઉદ્યોગના વાણિજ્યિક અને તકનીકીનું ઉડું જ્ઞાન
- ● અનુભવી મેનેજમેન્ટ અને ઓપરેશનલ ટીમ.

## ઉત્પાદન



## પ્રમોટર્સ



### શ્રી કેવલ હર્ષદ ગોરડિયા, ૩૮ વર્ષ

**ચેરમેન અને મેનેજીંગ ડાયરેકટર**

- *તેમણે મહારાષ્ટ્ર યુનિવર્સિટી, મુંબઈ, થી બેચલર ઓફ કૉમર્સ પૂર્ણ કયું છે અને આ કંપનીની સ્થાપનાથી જ તેઓ આ વ્યવસાય સાથે સંકળાયેલા છે.*
- *તેમણે એક યુવાન ઉદ્યોગસાહસિક તરીકે માલિકીના ધોરણે કોરુગ્વેટેડ બોક્સ ઉત્પાદન ઉદ્યોગમાં તેમની મુસાફરી શરૂ કરી.*
- *તે તમામ કોર્પોરેટ નીતિ નિર્માણ, નિર્ણય લેવા અને વેન્ડર મેનેજમેન્ટ પાછળ માર્ગદર્શક બળ છે.*
- *તે કંપનીના સમગ્ર વ્યવસાય કામગીરીની જવાબદારી પણ સંભાળે છે.*
- *તેઓ કોરૂગેટેડ પેકેજિંગ વ્યવસાયનું ઊંડું જ્ઞાન ધરાવે છે અને તકનીકી રીતે સશક્ત કર્મચારીઓની સમર્પિત કાર્યકારી ટીમ તરફ દોરી જાય છે.*



### શ્રીમતિ પાયલ કેવલ ગોરડિયા, ૩૮ વર્ષ

**પ્રમોટર અને નોન-એક્ઝીયુટિવ ડાયરેકટર**

- *તેઓ મુંબઈ યુનિવર્સિટીમાંથી બેચલર ઓફ કોમર્સમાં ડિગ્રી ધરાવે છે અને એલ.એસ.રાહેજા કોલેજ ઓફ આર્કિટેક્ચર, મુંબઈથી ઈન્ટિરિયર ડિઝાઈનિંગમાં એક વર્ષનો ડિપ્લોમા પણ પૂરો કરેલ છે.*
- *તેમણે વિવિધ આકાર અને કદના કોરૂબ્રેટેડ બૉક્સીસના નિર્માણના વ્યવસાયને ચાલુ રાખવા માટે M / s પ્રથમ પેકેજીંગના નામે વર્ષ ૨૦૧૨ માં એક માલિકિની કંપની ઉભી કરેલ હતી*

ગુજરાતમાં ૩૭૧ ઉમેદવાર ચુંટણી મેદાનમાં છે

# ગુજરાત : લોકસભા ચુંટણી માટે પ્રચારનો આવેલો અંત

## ચાર કરોડથી વધુ મતદારો ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા સુસજ્જ :પ્રચારના અંત બાદ હવે ડોર ટુ ડોર પ્રચાર

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૨૧

ગુજરાતમાં લોકસભાની ચુંટણી માટે પ્રચારનો આજે અંત આવ્યો હતો. લોકસભાની ચુંટણીના ત્રીજા તબક્કામાં ગુજરાતની તમામ ૨૬ બેઠક પર મતદાન થશે. ગુજરાતમાં કુલ ૪,૫૧,૨૫,૬૮૦ મતદારો મતાધિકારનો ઉપયોગ કરવા ઉત્સુક દેખાઈ રહ્યા છે. ગુજરાત લોકસભાની ૨૬ બેઠકો માટે કુલ ૩૭૧ ઉમેદદવારો મેદાનમાં છે. વિધાનસભાની ચાર બેઠકો માટેની પેટાચૂંટણી પણ ૨૩મીના દિવસે યોજાનાર છે. આના માટે ૪૫ ઉમેદવારો મેદાનમાં છે. ગુજરાતમાં કુલ મતદારો પૈકી પુરૂષ મતદારોની સંખ્યા ૨,૩૪,૨૮,૧૧૯ અને મહિલા મતદારોની સંખ્યા ૨,૧૬,૯૬,૫૭૧ છે જ્યારે ત્રીજા જાતિના મતદારોની સંખ્યા ૯૯૦ છે. પ્રથમ વખત મતદાન કરનાર મતદારોની સંખ્યા ૧૧,૦૬,૮૫૫ છે. તા.૨૩ એપ્રિલે યોજાનાર લોકસભા ચૂંટણી આડે હવે માત્ર ૪૮ કલાક જેટલો સમયગાળો બાકી છે ત્યારે ચૂંટણી નિયમો મુજબ, ગુજરાતમાં લોકસભા ચૂંટણી પ્રચારના પડઘમ વિધિવત્ રીતે શાંત થઈ ગયા હતા. આજે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ભાજપ-કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોના ઉમેદવારોએ અંતિમ તબક્કાનો પ્રચાર પૂર્ણ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાટણ, બનાસકાંઠામાં જાહેરસભા સંબોધી હતી તો, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે સાણંદમાં વિશાળ રોડ શો યોજી છેલ્લા તબક્કાનો પ્રચાર કર્યો હતો. કોંગ્રેસના સ્ટાર પ્રચારકોમાં ફિલ્મસ્ટાર અમિષા પટેલ, અશોક ગેહલોત, ગુજરાતના પ્રભારી રાજીવ સાતવ, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, હાર્દિક પટેલ સહિતના નેતાઓએ પણ અંતિમ તબક્કાના પ્રચારમાં જોર લગાવી દીધુ હતું. ચૂંટણી પ્રચાર પડઘમ શાંત થઈ જતાં હવે ઉમેદવારો ડોર ટુ ડોર, વન ટુ વન અને વ્યકિતગત પ્રચારના છેલ્લી ઘડીના પ્રયાસોમાં વ્યસ્ત બન્યા છે. ભાજપ-કોંગ્રેસ દ્વારા છેલ્લી ઘડીના સંપર્કોમાં નારાજ જૂથ અને વ્યકિતસમૂહને પણ પોતાની તરફેણમાં લેવાના મરણિયા પ્રયાસો ચાલુ કરવામાં આવ્યા છે, જેમાં નારાજ જૂથ અથવા તો વ્યકિતઓને મનાવી શકે તેવા તેમના નજીકના સંપર્કોની મદદ લેવાઈ છે. હવે સ્ટાર પ્રચારકોને બદલે સ્થાનિક નેતાઓ, આગેવાનો અને બુથ લેવલના કાર્યકરોની ભૂમિકા મહત્વની બની જશે. સ્થાનિક સંપર્કોનો મહત્તમ ઉપયોગ કરાશે. જો કે, આ વખતની લોકસભા ચૂંટણીમાં શહેર અને જિલ્લામાં ચૂંટણીનો માહોલ જામતો ન હોય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. ભાજપ અને કોંગ્રેસ દ્વારા વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં જેટલા ચૂંટણી કાર્યાલયો ખોલવામાં આવ્યાં હતાં તેના કરતાં ખૂબ જ ઓછા કાર્યાલય આ ચૂંટણીમાં ખોલાયાં છે. એટલું જ નહી, આ વખતની લોકસભાની ચૂંટણીને લઇ પ્રચાર કાર્યમાં રેલી, સરઘસ સભાની સંખ્યા પણ ઘટી છે. ઉનાળાની તોબા પોકારતી ગરમી વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે મંદી જેવાં અનેક કારણો અસરકારક માનવામાં આવે છે. મુખ્ય તમામ રાજકીય પક્ષો સવારે ૯-૦૦ કલાક સુધીમાં તેમના કમિટેડ વોટ મતપેટીમાં પડી જાય તેવું પ્લાનિંગ કરી રહ્યા છે. હવે મતદાન પૂરું થવાના ૪૮ કલાક પહેલાં એટલે કે આજે રવિવારે સાંજે પાંચ વાગ્યે પ્રચાર-પ્રસાર અને લાઉડસ્પીકર બંધ થઇ ગયા હતા. હવે જાહેરસભા કે રેલી-સરઘસ તથા રોડ-શો નહી યોજી શકાય. આજે સાંજે ૬-૦૦ વાગ્યે પ્રચાર પડઘમ શાંત થયા બાદ હવે ઉમેદવારો અને તેમના સમર્થકો-ટેકેદારો છેલ્લી ઘડીના ડોર ટુ ડોર પ્રચાર અને વ્યકિતગત સંપર્કો મારફતે પ્રચારમાં જોતરાઇ ગયા છે.

ચૂંટણી નિયમો મુજબ, આજે સાંજે બહારગામથી આવેલા મહાનુભાવોએ મત વિસ્તાર છોડી દીધા હતા. અલબત્ત, અંતિમ તબક્કાનો પ્રચાર પણ શુષ્ક રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી, હાર્દિક પટેલ સહિતના દિગ્ગજોએ આજે પોતાનો વિધિવત્ પ્રચાર પૂર્ણ કર્યો હતો. આજે સાંજે લોકસભા ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થયા બાદ ઉમેદવારો અને તેમના સમર્થકો-ટેકેદારો છેલ્લી ઘડીના પ્રયાસોમાં ડોર ટુ ડોર અને મરણિયો પ્રચાર કરવામાં જોતરાયા હતા. આજે રાત્રે અને આવતીકાલે સમગ્ર દિવસ અને આવતીકાલની આખી રાત ઉમેદવારો ડોર ટુ ડોર, વન ટુ વન અને લોકસંપર્ક મારફતે પ્રચાર કરી છેલ્લી ઘડીના મતો પોતાના ખાતામાં આવે તે માટે મરણિયા પ્રયાસો કરશે. જેને લઇ હવે આગામી ૪૮ કલાક ઉમેદવારો અને તેમના સમર્થકો-ટેકેદારો માટે જાણે કતલની રાત જેવા બની રહેશે.

સાણંદમાં ભવ્ય રોડ શોમાં લોકો ઉમટી પડ્યા

# પ્રચારના છેલ્લા દિવસે અમિત શાહે ઘણી મહત્વની બેઠકો કરી

## રોડ શો દરમિયાન પ્રદેશ ભાજપ અધ્યક્ષ વાઘાણી કાર્યકરો સાથે પદયાત્રા કરી આગળ વધ્યા : કાર્યકરમાં ભારે ઉત્સાહ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા. ૨૧

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગર લોકસભાના ઉમેદવાર અમિત શાહ ગુજરાતના એકદિવસીય પ્રવાસે છે ત્યારે, તેઓએ જુદી જુદી બેઠકો અને લોકસંપર્ક યાત્રા યોજીને પોતાના મતક્ષેત્રમાં વિજળીવેગે પ્રચાર-પ્રસાર હાથ ધર્યો હતો. આજરોજ દિવસ દરમ્યાન ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ઘાટલોડીયા વિધાનસભા સમાવિષ્ટ વિવિધ સોસાયટીઓના ચેરમેન-સેક્રેટરીઓ તેમજ બોડકદેવ અને થલતેજ વોર્ડના ચેરમેન અને સેક્રેટરીઓ સાથે બેઠકો કરી ચૂંટણીલક્ષી પ્રચાર-પ્રસાર કર્યો હતો. વેજલપુર વિધાનસભા અંતર્ગત વેજલપુર અને સરખેજ વોર્ડના ચેરમેન અને સેક્રેટરીઓ સાથે શ્રેણીબધ્ધ બેઠકોનું આયોજન કરી સક્ષમ ભારત અને સમૃધ્ધ ભારતના નિર્માણ માટે ફરીથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને દેશનું સુકાન સોંપવા અપીલ કરી હતી. ત્યારબાદ અમિત શાહના ગાંધીનગર લોકસભા વિસ્તારના સાણંદ ખાતે બપોરે ૧૨.૦૦ કલાકે ભવ્ય લોકસંપર્ક રોડ-શોનું આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં અમિત શાહે ગાંધીનગર લોકસભા વિસ્તારના એપીએમસી સાણંદ ખાતેથી ભવ્ય રોડ-શોની શરૂઆત કરી હતી. સમગ્ર રોડ-શો દરમ્યાન પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઇ વાઘાણીએ કાર્યકર્તાઓ સાથે પદયાત્રા કરીને કાર્યકર્તાઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ રોડ-શો નીચે મુજબના રૂટ પ્રમાણે આગળ વધ્યો હતો. એપીએમસી સાણંદથી રોડ-શોનું પ્રસ્થાન થયુ હતુ, ત્યારબાદ અર્થ કોમ્પ્લેક્સ - સન્યાસ આશ્રમ રોડ - તલાટીનો મેડો - મોટી ગોલવાડ - તાલુકા પંચાયત સાણંદ - શેઠ સી.કે.હાઇસ્કુલ - બાબા સાહેબ આંબેડકર પ્રતિમા (સાણંદ એસ.ટી.સ્ટેન્ડ) - સંસ્કાર પ્રાથમિક શાળા - ગોપાલક (નળસરોવર રોડ) - જૈનવાડી - ગઢીયા ચાર રસ્તા (બાવળા રોડ) પાસે લોકસંપર્ક યાત્રા (રોડ-શો)નું સમાપન થયુ હતુ.સાણંદ ખાતેના આશરે ૨ કિલોમીટરના રોડ-શો દરમ્યાન શહેરમાં જુદા જુદા સ્થળોએ જુદી જુદી સંસ્થાના આગેવાનો, વિવિધ વેપારી એસોશિએસનો, સમાજશ્રેષ્ઠીઓ દ્વારા પુષ્પવર્ષા કરીને ભારત માતા કી જય અને વંદે માતરમ્ ના જયઘોષ સાથે અમિત શાહનું ભવ્ય સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું હતું.

ભાવનગર લોકસભા મતવિસ્તારમાં પ્રચાર

# રાહુલને નામાંકનપત્ર ભરવાની સુઝ નથી : રૂપાલાએ દાવો કર્યો

## સરપંચોને સત્તા અને અધિકાર તથા નાણાં આપવાનું કામ થયું છે જેથી ગામોનો વિકાસ ખૂબ ઝડપથી થઈ શક્યો છે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા. ૨૧

આજ રોજ કેન્દ્રિય મંત્રી પરસોત્તમ રૂપાલાએ ભાવનગર લોકસભા બેઠકના ઉમેદવાર ભારતીબેન શિયાળના સમર્થનમાં એક વિશાળ જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે, આ લોકસભાની ચૂંટણી છે કોઈ સાદી ચૂંટણી નથી. આ ચૂંટણીમાં દેશના વડાપ્રધાન નક્કી કરવાના છે. નરેન્દ્ર મોદી સિવાય એક પણ ઉમેદવાર એવો નથી કે જે વડાપ્રધાન બની દેશને સુરક્ષા અને મજબૂત સરકાર આપી શકે. વિરોધ પક્ષ વડપ્રધાન તરીકે તેમનો ઉમેદવાર કોણ હશે તે નક્કી કરી શક્યો નથી. રાહુલ ગાંધી મનમાં ને મનમાં મલકાય છે કે, હું વડાપ્રધાન બનીશ. પરંતુ અમેઠી લોકસભાના ઉમેદવાર રાહુલ ગાંધીને તેમનું નામાંકનપત્ર ભરવાની પણ સુઝ નથી એ દેશનું સુકાન કેવી રીતે સંભાળી શકશે. જ્યારે બીજી બાજુ હમણા જ શરદ પવારે રાહુલ ગાંધીને વડાપ્રધાન તરીકે સ્વિકારવાની ના પાડી દીધી છે. વિરોધ પક્ષના બધા નેતાઓ ભેગા થઈને નરેન્દ્ર મોદીને હટાવવાની વાત કરે છે, પણ એ નથી બતાવતા તમે વડાપ્રધાન તરીકે કોને બેસાડશો.

રૂપાલાએ જણાવ્યું હતુ કે, કોંગ્રેસની સરકાર હતી ત્યારે સરપંચે નાનામાં નાનું કામ કરાવવા ધારાસભ્યશ્રી કે સંસદસભ્યની પાછળ પાછળ આંટા મારવા પડતા હતાં, જ્યારે ૨૦૧૪ પછી વડાપ્રધાન તરીકે મોદી આરૂઢ થયા બાદ ભાજપાની સરકારે સરપંચને ગામના વિકાસ કામો કરવા માટે લાખો રૂપિયા તેમના બેંક ખાતામાં સીધા આપવાનો અને તે નાણાંનો ગામના વિકાસ કાર્યો માટે વાપરવાનો અધિકાર આપ્યો છે. આઝાદી પછી પહેલીવાર નરેન્દ્ર મોદીએ સરપંચોને સત્તા-અધિકાર અને નાણાં આપવાનું કાર્ય કર્યું છે, જેથી ગામોનો વિકાસ ખૂબ ઝડપથી અને સારી રીતે થઇ શક્યો છે. આટલો મોટો બદલાવ આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ કરી શકે.

ભારતમાં ૨.૫ લાખ ગ્રામ પંચાયત છે. આ ગ્રામ પંચાયતોના વિકાસ કાર્યો માટે કેન્દ્ર સરકારે રૂ. ૨ લાખ સરપંચોને મોકલ્યા છે. ગામડું એ ભારતનો આત્મા છે આ ગામડાંને ધબકતું કરવા માટે આવા વિકાસશીલ પગલાં લેવા કેન્દ્રની અને રાજ્યની ભાજપાની સરકાર કટીબધ્ધ છે. કોંગ્રેસ તેમના કુશાસન દરમ્યાન ક્યારેય આ વાત કરતી ન હતી.

રાજ્યમાં અનેક જગ્યાએ પારો ૪૦થી ઉપર

# અમદાવાદ : ગરમીનું પ્રમાણ વધ્યું, તાપમાન ૪૧ થઈ ગયું

## સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ગરમીનો અનુભવ :પારો ૪૧.૩

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ સહિત રાજયમાં ગરમીનું પ્રમાણ ફરી એકવાર જોરદારરીતે વધી રહ્યું છે. આજે અમદાવાદ શહેરમાં પારો ફરી એકવાર વધીને ૪૧ ઉપર પહોંચ્યો હતો. સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌથી વધારે ગરમીનો અનુભવ આજે અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં થયો હતો. જ્યાં પારો ક્રમશઃ ૪૧ અને ૪૧.૩ સુધી પહોંચ્યો હતો. આ ઉપરાંત વડોદરા, ભુજ, કંડલા એરપોર્ટ ખાતે પણ પારો ૪૦થી ઉપર પહોંચ્યો હતો. હિટવેવ માટેની ચેતવણી તંત્ર દ્વારા અકબંધ રાખવામાં આવી છે. લઘુત્તમ તાપમાન અને મહત્તમ તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. મહત્તમ તાપમાનમાં ફરી વધારો થતા હાલ સાવચેતી રાખવાની જરૂર દેખાઈ રહી છે. આગામી દિવસોમાં ગરમીનો પ્રકોપ વધવાની પૂરી શકયતા છે ત્યારે લોકો અત્યારથી જ બળબળતીથી ગરમીથી ત્રાહિમામ્ પોકારી ગયા છે. મહત્તમ તાપમાનમાં ફરી એકવાર વધારો થવાની શરૂઆત થઇ ચુકી છે. હાલમાં હવામાનમાં આવેલા પલટાના કારણે મહત્તમ તાપમાનમાં એકાએક ઘટાડો થયો હતો. હાલમાં ગરમીથી રાહત પણ મળી હતી. હવામાનમાં આવેલા પલટાના લીધે અમદાવાદ સહિત રાજયભરમાં વરસાદ અને વાવાઝોડાથી ૧૦થી વધુના મોત થયા હતા. ત્યારબાદથી તાપમાન ઘટી ગયું હતું પરંતુ વહે ફરીવાર ગરમીમાં વધારો થયો છે. વધતી જતી ગરમીને લઇને લોકો હવે સાવચેત થઇ ગયા છે. બપોરના ગાળામાં પંખા અને એસીનો ઉપયોગ ભરપુર થવા લાગી ગયો છે. આજે જુદા જુદા વિસ્તારોમાં પારામાં આંશિક ફેરફાર થયો હતો. અમદાવાદમાં આવતીકાલે મહત્તમ તાપમાન ૪૧ રહી શકે છે. વધતી જતી ગરમી વચ્ચે બહારની ચીજવસ્તુઓ ટાળવા માટેની સલાહ આપવામાં આવી રહી છે. હવામાન વિભાગના છેલ્લા ત્રણ દિવસના આંકડા અનુસાર, સમગ્ર દેશમાં સૌથી વધુ ગરમી ગુજરાતમાં પડી રહી છે. હજુ તાપમાનમાં તીવ્ર વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ ભાગોમાં પારો વધ્યો છે. પ્રવર્તમાન સ્થિતિ અકબંધ રહી શકે છે પરંતુ આગામી ત્રણ દિવસ દરમિયાન પારો વધશે. હવામાન વિભાગના કહેવા મુજબ ગુજરાતમાં નીચલી સપાટી પર ઉત્તર-પશ્ચિમ પવનો ફુંકાઈ રહ્યા છે. હાલમાં જ હવામાનમાં એકાએક પલ્ટો આવ્યા બાદ વરસાદ પણ થયો હતો. જેથી લઘુત્તમ તાપમાનમાં અને મહત્મ તાપમાનમાં વુ ઘટાડો થયો હતો. ગરમી એકાએક ઘટી ગઈ હતી પરં હવે ફરી વધી છે.



શ્રીલંકામાં ચર્ચ અને હોટલોને ટાર્ગેટ બનાવીને સિરિયલ બ્લાસ્ટ કરવામાં આવ્યા બાદ વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. આ બ્લાસ્ટમાં ૨૦૦થી વધુના મોત થઈ ચુક્યા છે. અમદાવાદ શહેરમાં આ બ્લાસ્ટમાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને આતંકવાદ સામે પગલાં લેવાની માંગ કરવામાં આવી હતી.

મતદારોની સુવિધા માટે પણ વિવિધ પગલાં

# ગુજરાત : મતદાનને લઈને સઘન સુરક્ષા વ્યવસ્થા રહેશે

## સીસીટીવી કેમેરા અને વીડિયોગ્રાફીની સુવિધાઓ : અતિ સંવેદનશીલ મથકો પર તમામ ગતિવિધિ પર નજર રહેશે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૨૧

ગુજરાત લોકસભાની તમામ ૨૬ બેઠકો માટેની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની ચાર બેઠકો માટેની પેટા ચૂંટણી તા.૨૩મી એપ્રિલે મંગળવારે યોજાનાર છે ત્યારે રાજ્ય ચૂંટણી તંત્ર દ્વારા લગભગ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઇ છે. તો, રાજયની લોકસભા ચૂંટણીનો તબક્કો શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય અને સમગ્ર રાજયમાં મુકત અને ન્યાયી ચૂંટણી યોજાય તે હેતુથી સ્થાનિક પોલીસ, સીઆરપીએફ અને અર્ધલશ્કરી દળોના જવાનો સહિતના સુરક્ષા જવાનો સાથે સલામતી વ્યવસ્થા પણ જડબેસલાક રીતે તૈનાત કરાઇ છે. સીસીટીવી કેમેરા, વીડિયોગ્રાફી સહિતની તમામ તૈયારીઓ ચૂંટણી પંચ દ્વારા કરી રખાઇ છે. રાજ્ય ચૂંટણી તંત્રના માર્ગદર્શન અને સૂચના અનુસાર, સમગ્ર રાજયમાં તમામ ૨૬ લોકસભા બેઠકને લઇ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન સંબંધિત તૈયારીઓને આખરી ઓપ અપાઇ ગયો છે અને તા.૨૩મી એપ્રિલના મંગળવારના મતદાનને લઇ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઇ છે. અતિ સંવેદનશીલ અને સંવેદનશીલ મતદાન મથક પર સીસી ટીવી કેમેરા દ્વારા તમામ હિલચાલ પર સતત નજર રખાશે. આવતીકાલે સોમવારે સવારે તમામ મતદાન મથકો પર ઇવીએમ અને વીવીપેટ મશીનની ફાળવણી કરી દેવાશે. તો, ક્વિક રિસ્પોન્સ ટીમ સ્ટેન્ડ ટુ રહેશે. તો, મતદાન પૂર્ણ થયા બાદ ઈવીએમ અને વીવીપેટ રાખવા માટેના સ્ટ્રોંગ રૂમ અને સુરક્ષા વ્યવસ્થા સહિતની તૈયારીઓ પણ ચૂંટણી તંત્ર દ્વારા પૂર્ણ કરી લેવાઇ છે. ખાસ કરીને સ્ટ્રોંગ રૂમ માટે તો લોખંડી અભેદ્ય કવચ ખડકી દેવાયું છે.

૨૪મી એપ્રિલના રોજ ચૂંટણી ફરજ પરના અધિકારીઓ અને કર્મચારીઓ મતદાન પૂરું થયા બાદ રિસિવિંગ સેન્ટર પર મોડી રાત્રે અથવા દૂરનાં મથકોથી અંતર વધુ હોય તો બીજા દિવસે વહેલી સવારે મતદાન સામગ્રી પરત કરવા પહોંચે છે. તેમની ફરજના લાંબા ગાળાને ધ્યાનમાં રાખીને તા. ૨૪ એપ્રિલ મતદાનના બીજા દિવસે ચૂંટણી ફરજ પરના કર્મીઓને ફરજ પર ગણીને રજા આપવામાં આવશે. ચૂંટણી તંત્ર દ્વારા સમગ્ર ચૂંટણી અને મતદાન દરમ્યાન એકેએક શંકાસ્પદ ગતિવિધિ અને હિલચાલ પર બાજ નજર રાખવામાં આવશે .

છબરડાવાળી સ્લીપને લઈ મતદારો મૂંઝવણમાં

# અમરાઈવાડી-ઈન્દિરાનગરમાં છબરડાવાળી સ્લીપનું વિતરણ

## ભારે વિવાદ તેમજ હોબાળા બાદ નવી સ્લીપોનું વિતરણ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૨૧

ગુજરાત લોકસભાની ચૂંટણીને આડે હવે માંડ ૪૮ કલાક બાકી રહ્યા છે ત્યારે અમદાવાદ શહેરમાં આજે અમરાઈવાડી, ઈન્દિરાનગર જેવા વિસ્તારમાં મતદાર સ્લીપમાં ગંભીર છબરડા સામે આવતાં સ્થાનિક નાગરિકો મૂંઝવણમાં મૂકાયા હતા. સ્થાનિક ચૂંટણી તંત્ર સુધી સમગ્ર ફરિયાદ પહોંચતાં ચૂંટણી અધિકારીઓ દોડતા થયા હતા અને તાબડતોબ છબરડાવાળી સ્લીપો બદલી નવેસરથી સ્લીપો વહેંચવામાં આવી હતી. જો કે, છબરડાવાળી સ્લીપોને લઇ વિવાદ તો જાગ્યો હતો. શહેરના અમરાઈવાડી, ઈન્દિરાનગર જેવા વિસ્તારમાં કેટલાક મતદારોના ત્યાં એક જ કાગળમાં આગળ-પાછળ ચાર મતદારોના નામ અને માહિતીનો ઉલ્લેખ કરેલી સ્લીપ મતદારોને વિતરણ કરી દેવાઇ હતી. મતદારો પણ આવી છબરડાવાળી સ્લીપને લઇ કયા બુથ પર અને કયાં મતદાન માટે જવું તેની મૂંઝવણમાં મૂકાઇ ગયા હતા. આ મતદારોએ તપાસ કરી તો તેમના જેવી છબરડાવાળી સ્લીપ વિસ્તારમાં અન્ય મતદારોને પણ વિતરણ કરાઇ હોવાની વાત સામે આવી હતી. જેને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ઉહાપોહ અને હોબાળો મચી ગયો હતો. છેવટે આખોય મામલો સ્થાનિક ચૂંટણી તંત્ર સુધી પહોંચતા ચૂંટણી અધિકારીઓ તાત્કાલિક હરકતમાં આવ્યા હતા અને મતદારોની છબરડાવાળી સ્લીપો બદલી તેમને નવેસરથી સ્લીપો પહોંચાડવામાં આવી હતી. આ માટે સ્થાનિક આગેવાનોની પણ મદદ લેવામાં આવી હતી. અમદાવાદ શહેર અને જિલ્લામાં તો વળી, હજુ કેટલાક મતદારોને મતદાર સ્લીપ પહોંચી નહી હોવાની અને વિલંબથી પહોંચી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે, જેને લઇને પણ ચૂંટણી તંત્રના અધિકારીઓ છેલ્લી ઘડીના ફરિયાદ નિવારણના પ્રયાસોમાં જોતરાયા છે. એકપણ મતદાર પોતાના મતાધિકારથી વંચિત ના રહે તે માટે કેન્દ્રીય ચૂંટણી પંચે રાજય ચૂંટણી પંચ અને જિલ્લા ચૂંટણી પંચને સ્પષ્ટ તાકીદ કરેલી છે, તેને લઇ તંત્ર પણ સાવધાની રાખી રહ્યું છે.

# ડેરીમાં પૈસા આપવા નથી અને મારી પાસેથી વસૂલાત કરવી છે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૨૧

મહેસાણા ખાતે આજે દૂધસાગર ડેરીની ખાસ સાધારણ સભા યોજાઈ હતી. જેમાં ડેરીના ચેરમેને આશાબેન ઠાકોર, વાઈસ ચેરમેન મોંઘજીભાઈ ચૌધરી અને પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી ખાસ હાજર રહ્યા હતા. વિપુલ ચૌધરીએ દૂધ સાગર ડેરીને રાજય સરકાર દ્વારા થઇ રહેલા અન્યાય અને ડેરીની મુશ્કેલીઓને લઇ ફેડરેશન પર નિશાન તાક્યું હતું. ચૌધરીએ સરકાર પર પ્રહારો કરતાં જણાવ્યું કે, દૂધસાગર ડેરીમાં પૈસા આપવા નથી ને, વિપુલ ચૌધરી પાસેથી વસૂલાત કરવી છે. ડેરીની ચિંતા હોય તો સરકાર સહકાર કેમ નથી આપતી. વડાપ્રધાનના નામે ચરી ખાવાનું બંધ કરી દેવા પણ વિપુલ ચૌધરીએ માર્મિક ઈશારામાં ટોંણો માર્યો હતો. દૂધસાગર ડેરીની સભામાં ડેરીનો મલ્ટી સ્ટેટ માર્કેટિંગનો એજન્ડા રજૂ કરવામાં આવ્યો હતો. સાથે સાથે ભાવવધારાની ચર્ચા કરવામાં આવી હતી. વિપુલ ચૌધરીએ ગઇકાલે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના નિવેદન મામલે પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, સહકાર ક્ષેત્રને મજબૂત બનાવવાનું હોય નહીં કે ખાનગીને. નરેન્દ્ર મોદી મારાથી નારાજ છે એ મને ખબર છે. તેઓ સીએમ હતા ત્યારે અને પીએમ થયા ત્યારે પણ મળવા ગયો છું. હું તેમને પૂછું છું કે તમે મુલાકાત આપતા નથી કે મળવા માંગતા નથી. આ સહકારી સગંઠન માંડમાંડ ભેગું થયું છે. આ સાધારણ સભાના હોલમાં ફેડરેશનને સાંભળ્યા છે. મતોના અધિકાર અપાવો જોઈએ નહીં. દૂધસાગર ડેરીમાં પૈસા આપવા નથી અને વિપુલ ચૌધરી પાસે વસૂલાત કરવી છે. તેમણે સરકારને પડકાર ફેંકતા જણાવ્યું કે, રાજસ્થાનની સરકાર દૂધ ઉત્પાદકોને ૨ રૂપિયા વધારાના આપે છે. રાજસ્થાન સરકારની જેમ તમે પણ આ માટે તૈયાર છો એ વાત કરો. ગુમરાહ કરવા નીકળ્યા છો લોકોને. દૂધસાગર ડેરીમાં આપ લોકોનો સહકાર છે મને. નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે રાજના આગેવાનોને બોલાવી ચર્ચા કરીશું. દૂધસાગર ડેરીને ફેડરેશન સહકાર ન આપે તો મલ્ટિ સ્ટે કો.ઓ.માં લઈ જવા દો ચર્ચા થઈ હતી. ડેરીમાં જો કોઈને લાગતું હોય તો અમે અલગ રીતે ધંધો કરીશું. તમારે અમારા પાછળ આવવું હોય તો આવજો, ના આવવું હોય તો કંઈ નઈ. ટેસ્ટ ઓફ ઈન્ડિયાની વાત છે તો મલ્ટિ સ્ટેટ થવા દો. સહકાર આપો ડેરીને પરંતુ જાહેરાતો જોઈ સહકાર આપવાની ભાવના મને દેખાતી નથી. સહકાર વિના નહીં સહકાર અને જરૂર પડે તો સંઘર્ષ વિના પણ સહકાર નહીં. વડાપ્રધાનના નામે ખોટા લોકો ચરી ખાવાનું બંધ કરો. બધાએ સંગઠિત થવું પડશે. કાયદેસરની કાર્યવાહી પણ કરજો. આ સહકારી ડેરી છે સહકાર યોગ્ય કામ કરવા દો. સહકાર આપવો હોય તો ગમે ત્યાંથી આપી શકાય. આવતા દિવસોમાં બધા સાથ સહકાર આપે. રાજસ્થાનમાં દૂધ મંડળી બનશે. રાજસ્થાન સરકાર આપણીએ મંડળીઓને પણ ૩૨ રૂપિયાનો લાભ આપશે એવી આશા પણ ચૌધરીએ વ્યકત કરી હતી.

# પૂનમ માડમના પિતરાઈ ભાઈ નીતિન કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૨૧

જામનગર પંથકમાં લોકસભઆ ચૂંટણીના બે દિવસ પહેલા જ ભાજપમાં ભૂકંપ સર્જાયો છે. જામનગર ભાજપના મીડિયા સેલના સભ્ય અને સાંસદ પૂનમબેન માડમનાં પિતરાઈ ભાઈ નીતિન માડમ કોંગ્રેસમાં જોડાતાં સ્થાનિક રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસના ધારાસભ્ય વિક્રમ માડમ અને ચિરાગ કલસરિયા સહિતના નેતાઓની હાજરીમાં નીતિન માડમે કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો હતો, જેને લઇ ભારે ચર્ચા ચાલી હતી.

લોકસભાની ચૂંટણીના ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે જ ભાજપના મહિલા સાસંદ પૂનમ માડમના પિતરાઇ ભાઇ નીતિન માડમ કોંગ્રેસની છાવણીમાં બેસી જતાં ભાજપને મોટો ફટકો મળ્યો છે તો, નીતિન માડમના કોંગ્રેસમાં જોડાવાથી જામનગર અને તેની આસપાસના પંથકોમાંથી કોંગ્રેસને સ્થાનિક મતોને લઇ ફાયદો થઇ શકે તેવુ મનાઇ રહ્યું છે. કોંગ્રેસના પ્રચાર અને રોડ -શો માં પણ નીતિન માડમ જોડાયા હતા અને સ્થાનિક મતદારોને કોંગ્રેસ તરફી મતદાન કરવા અપીલ કરતાં જોવા મળ્યા હતા ત્યારે જામનગર બેઠકને લઇ ભાજપની થોડી ચિંતા વધી હતી.

નીતિન માડમના જોવાથી કોંગ્રેસને સ્થાનિક કક્ષાએ મજબૂતી મળી છે અને લોકસભા ચૂંટણીમાં તે મહત્વનું સાબિત થાય તેવું મનાઇ રહ્યું છે. જો કે, નીતિન માડમના કોંગ્રેસમાં જોડાવાને લઇ સ્થાનિક રાજકારણ ગરમાયું હતું અને ભાજપની છાવણી આ નવા ડેવલપમેન્ટને લઇ મતોના રાજકારણમાં ક્યાંક કાચુ ના કપાય તેની મથામણમાં વ્યસ્ત બની હતી.